CMYK

CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

# સૌરાષ્ટ્ર આજતક

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૮    મંગળવાર, તા.૦૨-૦૪-૨૦૨૪    અંક : ૨૦૫ વર્ષ : ૨૧    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# પૂજા અને નમાઝ પોતપોતાના સ્થળોએ ચાલુ રાખો

## જ્ઞાનવાપી મસ્જિદ કેસ પર CJIનો આદેશ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે જ્ઞાનવાપી મસ્જિદ સંકુલના વ્યાસ ભોંયરામાં પૂજા વિરુદ્ધ મસ્જિદ સમિતિની અરજી પર સુનાવણી યોજાઇ હતી. મસ્જિદ પક્ષના વકીલ હુઝૈફા અહમદીએ જણાવ્યું હતું કે નીચલી અદાલતે આદેશને લાગુ કરવા માટે એક સપ્તાહનો સમય આપ્યો હતો, પરંતુ સરકારે તેનો તરત જ અમલ કર્યો હતો. અમને હાઈકોર્ટમાંથી પણ રાહત મળી નથી. સુપ્રીમ કોર્ટે આને તાત્કાલિક અટકાવવું જોઈએ.

ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે આ મામલે નોટિસ જારી કરી હતી અને અન્ય તારીખે સુનાવણીનો સંકેત આપ્યો હતો. જો કે, મસ્જિદ પક્ષના વકીલે તેમની દલીલો રજૂ કરી પૂજા પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. આ દરમિયાન ચીફ જસ્ટિસે કહ્યું કે ભોંયરામાં પ્રવેશ દક્ષિણ તરફથી છે અને મસ્જિદની એન્ટ્રી ઉત્તર તરફથી છે. બંને એકબીજાને અસર કરતા નથી. અમે નિર્દેશ કરીએ છીએ કે હાલમાં બંને પૂજા પોતપોતાના સ્થાનો પર ચાલુ રહે. વ્યાસ પરિવારના વકીલ શ્યામ દિવાને ઔપચારિક નોટિસ જારી કરવાનો વિરોધ કર્યો હતો. વકીલે કહ્યું કે નીચલી અદાલતોમાં હજુ આ કેસનો સંપૂર્ણ ઉકેલ આવ્યો નથી. આ સમયે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપની જરૂર નથી.

## મોહન કુંડરિયા ડમી ઉમેદવાર તરીકે ફોર્મ ભરશે

### પરષોત્તમ રૂપાલાએ ફોર્મ પરત ખેંચ્યાની વાતને રદિયો આપ્યો

રાજકોટ,

રાજકોટ લોકસભા સીટના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ વાલ્મીકિ સમાજના કાર્યક્રમમાં ક્ષત્રિયો અંગે ટિપ્પણી કરતાં ક્ષત્રિયો નારાજ થયા હતા. છેલ્લા ઘણા દિવસથી રાજ્યભરમાં રૂપાલાની ઉમેદવારી પાછી ખેંચાવવા માટે માગ કરવામાં આવી રહી છે. રૂપાલાએ બબ્બેવાર માફી માગી લીધી હોવા છતાં વિરોધ શાંત પડ્યો નથી. એને પગલે રૂપાલાને દિલ્હીથી તેડું આવ્યું હોવાની અટકળો ચાલી હતી. આ તમામ ઘટનાક્રમ વચ્ચે રૂપાલાએ આજે મીડિયાને સંબોધન કરતાં જણાવ્યું કે મને કોઈએ દિલ્હી બોલાવ્યો નથી. મોહન કુંડરિયા ડમી ઉમેદવાર તરીકે ફોર્મ ભરશે. આ ઉપરાંત રૂપાલાએ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની વાતને પણ રદિયો આપતાં કહ્યું હતું કે એ પાર્લમેન્ટરી બોર્ડનો વિષય છે. એની અટકળો ના કરવાની હોય. આજે પહેલી ૧ એપ્રિલ છે એટલે એમાં પડવું જ ન જોઈએ. રૂપાલાએ આગળ કહ્યું હતું કે મને દિલ્હીથી બોલાવ્યો નથી, પણ ત્રણ-ચાર દિવસમાં કેબિનેટની બેઠકમાં ભાગ લેવા માટે જઈ શકું છું.

## બૂથ લેવલ ઓફિસરની કામગીરી નકારનાર શિક્ષિકાને ઘરેથી ઉપાડી આવી પોલીસ

### આખા ગુજરાતમાં આ પહેલો કેસ, કોર્ટ જવાની જરૂર પડે તો પણ અમે જઈશું : શિક્ષિકાના પતિ

અમદાવાદ,

લોકસભા ચૂંટણી જાહેર થઈ ચૂકી છે અને સમગ્ર દેશમાં ચૂંટણી લક્ષી કામગીરી પણ શરૂ થઈ ચૂકી છે. આ વચ્ચે અમદાવાદમાં ચૂંટણીની કામગીરીમાં ન જોડાયેલા શિક્ષિકા સામે કાર્યવાહી થઈ છે. બૂથ લેવલ ઓફિસર-BLOના કામમાં ન જોડાતા ચેનપુર પ્રાથમિક શાળાના શિક્ષિકા હિનલ પ્રજાપતિની પોલીસે અટકાયત કરી છે. મામલતદારના હુકમ બાદ પોલીસે કાર્યવાહી કરી છે. શિક્ષિકાને કે.કે.નગર ઘાટલોડિયા પાસે BLOની કામગીરી સોંપવામાં આવી હતી. જોકે તે જગ્યા પોતાના વિસ્તારની બહાર હોવાથી શિક્ષિકાએ આ કામગીરીમાં જોડાવાનો ઈનકાર કરી દીધો હતો.

બીજી તરફ શિક્ષિકાના પતિનું કહેવું છે કે, મહિલાને BLOની કામગીરી સોંપાઈ હતી. ગુજરાત ચૂંટણી પંચનો પત્ર છે કે કોઈ મહિલાને અનિવાર્ય સંજોગોમાં જ BLOની કામગીરી સોંપવી. મહિલાને ગમે ત્યાં કામગીરી ન સોંપવી. જ્યાં તેમનો મત વિસ્તાર છે ત્યાં જ મુકવી. તેથી અમે ચૂંટણી પંચના પત્રને જોડીને રજૂઆત કરી હતી કે અમને આ કામગીરી ન આપો. અને જો કામગીરી આપો તો અમારા મત વિસ્તારમાં જ આપો. તેમ છતા તેમણે દૂરના સ્થળે કામગીરી આપી છે. જેને લઈને અમે આ કામગીરીનો અસ્વીકાર કર્યો છે. આખા ગુજરાતમાં આ પહેલો કેસ છે, જ્યારે મહિલા શિક્ષિકાની ધરપકડ કરાઈ છે. અમે લેખિતમાં આધાર પૂરાવા સાથે રજૂઆત કરી છે. આ બાબતને અમે સંઘમાં રજૂઆત કરીશું અને જો કોર્ટ જવાની જરૂર પડે તો પણ અમે જઈશું.

## પાક.માં પેટ્રોલ ૨૮૯ રૂપિયા પ્રતિ લીટર

### સરકારે ૧૫ દિવસમાં ૯ રૂપિયાનો ભાવ વધાર્યો : ડીઝલનો ભાવ ૩ રૂપિયા ઘટ્યો

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનની શાહબાઝ શરીફ સરકારે પેટ્રોલના ભાવમાં ધરખમ વધારો કર્યો છે. પેટ્રોલની કિંમત પાકિસ્તાની રૂપિયા ૯.૬૬ વધીને ૨૮૯.૪૧ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે હાઈ-સ્પીડ ડીઝલ ૩.૩૨ રૂપિયા ઘટીને ૨૮૨.૨૪ પાકિસ્તાની રૂપિયા થઈ ગયું છે. નવા દરો પણ લાગુ કરવામાં આવ્યા છે.

પાકિસ્તાની મીડિયા 'ધ ડોન' અનુસાર, સરકારે કહ્યું છે કે દેશમાં પેટ્રોલની કિંમતો વધવાનું કારણ આંતરરાષ્ટ્રીય સ્તરે પેટ્રોલની વધેલી કિંમતો છે. સરકાર દર ૧૫ દિવસે ઈંધણના ભાવની સમીક્ષા કરે છે અને વૈશ્વિક તેલના ભાવ અને સ્થાનિક ચલણ વિનિમય દરોમાં થતી વધઘટના આધારે તેમાં વધારો અથવા ઘટાડો કરે છે.

૧૬ માર્ચે સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કર્યો ન હતો. પેટ્રોલનો ભાવ પ્રતિ લિટર રૂ. ૨૭૯.૭૫ અને એક લિટર ડીઝલનો ભાવ રૂ. ૨૮૫.૫૬ હતો. એટલે કે ૧૫ દિવસમાં પેટ્રોલના ભાવમાં લગભગ ૯ રૂપિયાનો વધારો થયો છે.

પેટ્રોલનો ઉપયોગ મોટાભાગે ખાનગી વાહનવ્યવહાર અને નાના વાહનો માટે થાય છે. આ કારણે કિંમતોમાં વધારાની સીધી અસર પાકિસ્તાનના મધ્યમ વર્ગ અને નીચલા વર્ગના લોકો પર પડશે.



## શેરબજાર તથા સોના-ચાંદીમાં જોરદાર તેજી

### સેન્સેકસમાં ૫૦૦ પોઈન્ટનો ઉછાળો, સોનુ ૭૧૦૦૦ની પાર

નવીદિલ્હી,

નવા નાણાકીય વર્ષના પ્રારંભે જ શેરબજાર તથા સોના-ચાંદીમાં રેકોર્ડબ્રેક તેજી સર્જાઈ હતી. શેરબજારમાં સેન્સેકસ ૭૪૨૫૪, નિફ્ટી ૨૨૫૨૯ની નવી ઉંચાઈએ પહોંચ્યા હતા. સોનુ ૭૧૦૦૦ની સપાટીને વટાવીને ૭૧૦૦૦ને પાર થયુ હતું.

આજથી નવા નાણાકીય વર્ષની શરૂઆત થઈ છે. પ્રથમ દિવસે જ કોમોડીટી- શેરમાર્કેટમાં જબરદસ્ત તેજી જોવા મળી હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ચુંટણી પુર્વે માર્કેટ નવી ઉંચાઈને આંબવાની અટકળો હતી જ અને તે મુજબ તેજીમાં ધમધમી રહ્યું છે.

આજે મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૫૦૫ પોઈન્ટના ઉછાળાથી ૭૪૧૫૭ સાંપડયો હતો તે ઉંચામાં ૭૪૨૫૪ તથા નીચામાં ૭૩૯૪૩ હતો.

નેશનલ સ્ટોક એકસચેંજનો નિફ્ટી ૧૭૨ પોઈન્ટના ઉછાળાથી ૨૨૪૯૯ હતો. તે ઉંચામાં ૨૨૫૨૯ તથા નીચામાં ૨૨૪૪૩ હતો.

સોના-ચાંદીમાં પણ જોરદાર તેજી હતી. અમેરિકી વ્યાજદર જૂનમાં ઘટવાના સંકેતો વચ્ચે વૈશ્વિક સોનુ ૩૧ ડોલર ઉંચકાઈ ને ૨૨૬૪ ડોલર હતું. રાજકોટમાં હાજર સોનુ ૧૨૦૦ના ઉછાળાથી ૭૧૫૦૦ હતુ. કોમોડીટી એકસચેંજમાં ૬૮૯૩૦ હતું તેમાં ૧૨૫૦ રૂપિયાનો ઉછાળો હતો.

## આરબીઆઈને ૯૦ વર્ષ થતા મોદીએ લોન્ચ કર્યો ૯૦ રૂપિયાનો સિક્કો




વડાપ્રધાને ૯૦ રૂપિયાનો સિક્કો પ્રથમ વખત જાહેર કર્યો છે. આ સિક્કાની ખાસિયત એ છે કે તેને શુદ્ધ ચાંદીથી બનાવવામાં આવ્યો છે. ત્યારે તે સિવાય તેમાં ૪૦ ગ્રામ ચાંદીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૯૦ રૂપિયાના ચાંદીના સિક્કાની એકબાજુ બેન્કનો લોગો છે અને બીજી તરફ મુલ્યવર્ગ ૯૦ રૂપિયા લખ્યું છે.

## પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાએ વેર્યો વિનાશ : ૫ લોકોના મોત, ૧૦૦ ઘાયલ

### વાવાઝોડામાં અનેક મકાનો, વૃક્ષો પણ ધરાશાયી

જલપાઈગુડી,

પશ્ચિમ બંગાળના જલપાઈગુડી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં અચાનક આવેલા વાવાઝોડાએ ભારે વિનાશ સર્જ્યો હતો. તોફાનના કારણે ૫ લોકોના મોત થયા છે, જ્યારે ૧૦૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. જોરદાર પવનને કારણે જિલ્લાના મુખ્ય મથક શહેર અને મૈનાગુરી જેવા આસપાસના વિસ્તારોમાં વ્યાપક નુકસાન થયું છે. આ વાવાઝોડામાં અનેક મકાનો, વૃક્ષો પણ ધરાશાયી થયા હતા અને વીજ થાંભલા પણ પડી ગયા હતા.મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ વાવાઝોડાના સમાચાર પર શોક વ્યક્ત કર્યો છે.

### ગુવાહાટીમાં એરપોર્ટની છતનો એક ભાગ તૂટી પડ્યો

આસામના ગુવાહાટીમાં ગોપીનાથ બોરદોલોઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ભારે વરસાદને કારણે નોંધપાત્ર નુકસાન થયું છે. એરપોર્ટની છતનો એક ભાગ તૂટી પડ્યો હતો. ફ્લાઇટની અવરજવર થોડા સમય માટે બંધ કરી દેવામાં આવી હતી. છ ફ્લાઈટને ડાયવર્ટ કરવી પડી હતી.

## લીકર પોલિસી કેસમાં કેજરીવાલને ૧૫મી સુધી ન્યાયિક કસ્ટડી : તિહાર જેલમાં રખાશે

મેરઠ,તા.૩૧

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૧૫ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. કેન્દ્રીય એજન્સીએ મુખ્યમંત્રીની ૧૫ દિવસની ન્યાયિક કસ્ટડીની માંગણી કરી હતી, જેને રાઉઝ એવન્યુ કોર્ટે મંજૂર કરી હતી. દિલ્હી કોર્ટમાં હાજર થવા માટે લઈ જવામાં આવતા કેજરીવાલે કહ્યું, "પીએમ જે

### કેજરીવાલે કહ્યું, પીએમ જે કંઈ પણ કરી રહ્યા છે, તે બરાબર નથી કરી રહ્યા

કંઈ પણ કરી રહ્યા છે, તે બરાબર નથી કરી રહ્યા."

કેજરીવાલને તિહાર જેલની બેરેક નં.૨માં રાખવામાં આવશે. કેજરીવાલની કોર્ટમાં હાજરી પહેલા તિહાર જેલમાં એક મીટિંગ ચાલી રહી હતી અને કથિત રીતે એ પણ નક્કી કરવામાં આવી રહ્યું હતું કે તેમને તિહારની કઈ જેલમાં રાખવામાં આવશે. કેન્દ્રીય એજન્સીએ કોર્ટને કહ્યું કે કેજરીવાલ તપાસમાં સહકાર નથી આપી રહ્યા. તે અસ્પષ્ટ જવાબો આપી રહ્યો છે અને તેના આઈફોનનો પાસવર્ડ પણ નથી આપી રહ્યો, જેથી કરીને વધુ તપાસ હાથ ધરી શકાય.

## ભોજશાળામાં ૧૧ દિવસ ચાલ્યો એએસઆઈ સર્વે

### સર્વેને સુપ્રિમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો જો કે અદાલતે પ્રતિબંધનો કર્યો હતો ઈન્કાર

નવીદિલ્હી,તા.૧

સુપ્રીમ કોર્ટે સોમવારે ભોજશાળા સંકુલમાં વૈજ્ઞાનિક સર્વેક્ષણ પર પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કર્યો હતો. હિંદુઓની સાથે મુસ્લિમો પણ મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં સ્થિત પ્રાચીન ભોજનશાળા પર દાવો કરે છે. જો કે, સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું છે કે ASI સર્વેના પરિણામોના આધારે તેની પરવાનગી વિના કોઈ નિર્ણય લેવામાં ન આવે. હિન્દુઓ ભોજશાળાને વાગ્દેવી (દેવી સરસ્વતી)નું મંદિર માને છે. તે જ સમયે, મુસ્લિમ સમુદાય તેને કમાલ મૌલા મસ્જિદ માને છે. ૧૧મી સદીના આ સંકુલને પુરાતત્વીય વારસો ગણવામાં આવે છે. છજીૈએ ૭ એપ્રિલ ૨૦૦૩ના રોજ વ્યવસ્થા કરી હતી. આ અંતર્ગત હિંદુઓ દર મંગળવારે અહીં આવે છે અને પૂજા કરે છે. તે જ સમયે, મુસ્લિમો શુક્રવારે અહીં નમાઝ અદા કરે છે.

મૌલાના કમાલુદ્દીન વેલ્ફેર સોસાયટીએ મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેંચના ૧૧ માર્ચના વૈજ્ઞાનિક સર્વેના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. તેના પર જસ્ટિસ હ્રષિકેશ રોય અને પીકે મિશ્રાની બેંચે કેન્દ્ર, મધ્યપ્રદેશ સરકાર, ASI અને અન્યને નોટિસ પાઠવી છે. બેન્ચે કહ્યું કે જવાબ માટેની નોટિસ ચાર અઠવાડિયામાં જારી કરવી જોઈએ. સર્વોચ્ચ અદાલતની પરવાનગી વિના સર્વેના પરિણામોના આધારે કોઈ નિર્ણય ન લેવો જોઈએ. તે પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે વિવાદિત જગ્યામાં કોઈ ભૌતિક ખોદકામ કરવામાં આવશે નહીં, જેનાથી તે જગ્યાના પાત્રમાં ફેરફાર થાય.મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશ પર ભોજશાળામાં સોમવારે ૧૧મા દિવસે સર્વે ચાલુ રહ્યો હતો. છજીૈના વરિષ્ઠ અધિકારીઓ સવારે ૭.૫૫ વાગ્યે વિવાદિત સ્થળ પર પહોંચ્યા હતા.

## કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૩૨ રૂપિયાનો થયો ઘટાડો

નવીદિલ્હી,

એપ્રિલ મહિનાની સાથે જ આજથી નવા કારોબારી વર્ષનો પણ પ્રારંભ થયો છે. વર્ષના પ્રથમ દિવસે સરકારે સામાન્ય જનતાને રાહતના સમાચાર આપ્યા છે. ગયા મહિને મહિલા દિવસ ૨૦૨૪ ના અવસર પર સરકારે ઘરેલુ સિલિન્ડરની કિંમતોમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. જ્યારે આજે ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૩૨ રૂપિયાનો ઘટાડો કર્યો છે. બીજી બાજુ ઘરેલુ સિલિન્ડરના ભાવ સ્થિર છે. તેમાં કોઈ વધ-ઘટ કરાઈ નથી. દેશની રાજધાની દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ૩૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

CMYK    CMYK

# અમરેલી લોકસભા ભાજપના ઉમેદવાર વિરૂધ્ધ ધારી પંથકમાં પોસ્ટર લાગ્યા




અમરેલી, અમરેલી લોકસભાની બેઠક માટે ભાજપ જિલ્લા પંચાયતના પ્રમુખ ભરત સુતરીયાના નામની જાહેરાત થતા ભાજપ કાર્યકરોમાં આંતરિક રોષ ફાટી નિકળ્યો છે. ભાજપના કાર્યકરો ઉમેદવારના નામની જાહેરાત સામે છાને ખૂણે પોતાનો રોષ વ્યકત કરી રહ્યાં છે. જેમાં ધારી તાલુકાના ગ્રામ્ય પંથકોમાં લોકસભાના ભાજપ ઉમેદવાર ભરત સુતરીયા વિરૂધ્ધ પોસ્ટર યુધ્ધ છેડાયુ છે. ધારી તાલુકાના સરસીયા, ભાડેર, દેવળા ગામે ભરત સુતરીયા વિરૂધ્ધ પોસ્ટર લાગ્યા છે. આ પોસ્ટર સોશિયલ મીડિયામાં પણ ફરવા લાગ્યા છે. જે રીતે અન્ય ઉમેદવારોનો વિરોધ થઈ રહ્યો છે તે જ રીતે હવે અમરેલી લોકસભામાં ભાજપના ઉમેદવારનો વિરોધ થતા ભાજપમાં પણ ચૂંટણી પૂર્વે ડેમેજ કંટ્રોલની કામગીરી કરવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. હાલ તો ભાજપમાં કોંગ્રેસ આગેવાનોનો ભરતીમેળો યોજાઈ રહ્યો છે ત્યારે ભાજપના ઉમેદવારનો ધારી તાલુકાના ગ્રામ્ય પંથકોમાં વિરોધ થતા ભાજપની ચિંતામાં વધારો થયો છે.

# બાબરા ખાતે શ્રી વડલીવાળી મેલડીમાનાં સાંનિધ્યમાં માતા-પિતા વિહોણી ૩૬ દીકરીઓનાં પાલક પિતા કરશે કન્યાદાન

## આગામી ૮ એપ્રિલનાં સમૂહ લગ્નોત્સવ યોજાશે : દીકરીઓને ટીવી, ફ્રીઝ સહિતનો કરિયાવર અર્પણ કરાશે : રાજુભાઈ જેઠવા

અમરેલી,શ્રી વડલીવાળી મેલડીમાના સાનિધ્યમાં આગામી ૮ એપ્રિલના રોજ ભવ્ય અને દિવ્ય સમૂહ લગ્નનું તેમજ રૂક્ષ્મણી વિવાહનું આયોજન અહીંના માતાજીના ઉપાસક રાજુભાઇ જેઠવા દ્વારા કરવામાં આવ્યું છે. તેમના દ્વારા અહીં ત્રીજા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં બાબરા તાલુકાની માતા-પિતા વિહોણી ૩૬ જેટલી દીકરીઓ પ્રભુતામાં પગલાં માંડશે.

બાબરામાં સમગ્ર પંથક તેમજ સૌરાષ્ટ્ર માં આસ્થા નું સ્થાન એટલે અહીં નિલવળા રોડપર આવેલ શ્રી વડલીવાળી મેલડીમાંનું મંદિર અહીં દર વર્ષ ધાર્મિક તેમજસામાજિક અને પર્યાવરણના કાર્યો થતા રહે છે. મંદિરના વહીવટ કર્તા તેમજ માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવા અહીં મંદિરમાં વિવિધ યજ્ઞો તેમજ સપ્તાહ, માતાજી ના માંડવા તેમજ સમૂહલગ્ન, વૃક્ષારોપણ સહિત સામાજિક અને પર્યાવરણલક્ષી કામગીરી પણ કરવામાં આવી રહી છે.



અહીં શ્રી વડલીવાળી મેલડીમાંના સાનિધ્યમાં આ વર્ષે તા. ૮ થી ૧૦ એપ્રિલ સુધી ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો યોજાશે. જેમાં સમૂહલગ્ન, રૂક્ષ્મણી વિવાહ, માતાજીનો માંડવો, માતાજીની રથયાત્રા સહિતના ભવ્ય અને દિવ્ય કાર્યક્રમ યોજશે. અહીં ત્રણ દિવસ સુધી ભજન, ભકિત અને ભોજનનો ત્રિવેણી સંગમ સર્જાશે.

તા. ૮ એપિલના રોજ આયોજિત ભવ્ય સમૂહલગ્ન અને રૂક્ષ્મણી વિવાહની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. અહીં તાલુકાનીમાતા-પિતા વિહોણી ૩૬ જેટલી દીકરીઓ પ્રભુતામાં પગલાં માંડશે. સમૂહલગ્નના આયોજક રાજુભાઇ જેઠવા દ્વારા દીકરીઓના પાલક પિતા બની કન્યાદાન કરશે તેમજ રૂક્ષ્મણી વિવાહમાં બાબરા તાલુકાના આહીર સમાજ દ્વારા ઠાકોરજીની ભવ્ય જાન જોડી પરણવા આવશે.

માતાજીના ઉપાસક રાજુભાઇ જેઠવા દ્વારા જણાવ્યું હતું કે, સમૂહલગ્નમાં ભાગ લેનાર દરેક દીકરીઓને આજે કરિયાવર અર્પણ કરવામાં આવ્યો હતો. જેમાં વરને શેરવાની, કન્યાને પાનેતર અને ચણીયા ચોલી, કંકોત્રી, શ્રી ફળ એનાયત કરવામાં આવ્યું હતું. આ સિવાય કન્યાઓને કરિયાવરમાં શેટી પલંગ, ફ્રીઝ, કલર ટીવી, કુલર સહિત વાસણ સામગ્રી તેમજ પાંચ મણ ઘઉં, તેલના ડબ્બા સહિત પૂરતા પ્રમાણમાં કિરાણા કીટ સહિતનો કરીયાવર તમામ દીકરીઓને અર્પણ કરવામાં આવ્યો છે. દીકરીને કરીયારમાં એકપણ વસ્તુની ખોટ ના આવે તેની પૂરતી કાળજી લેવામાં આવી છે. તેવું અંતમાં રાજુભાઇ જેઠવા દ્વારા જણાવ્યું હતું.

# અમરેલી: શ્રીમતી એસ.એચ. ગજેરા જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલનાં ખેલાડીઓનું એકેડેમીમાં સિલેકશન



અતુલ કારીયા અમરેલી,

અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં હેન્ડબોલ રમતમાં પ્રશિણ મેળવતા ખેલાડી (૧) વઘાસીયા વેદ (૨) સાનેપરા જીલ (૩) ઓલકીયા સાગર (૪) લાધવા વૈદીક (૫) પોલરા અનુગ્રહને હેન્ડબોલ એકેડેમીમાં ગાંધીનગર ખાતે સિલેકશન થયેલ છે. જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં નેશનલ કક્ષાએ મેડળ પ્રાપ્ત કરેલ હોય અને ભવિષ્યમાં વધુ સારી સિધ્ધિઓ મેળવી શકે તેવા ખેલાડીઓને એકેડમીમાં સિલેકશન થાય છે. જેમાં કોલેજ, હોસ્ટેલ, ભોજન અને શ્રેષ્ઠ પ્રશિક્ષણ મળે તેવી સુવિધાઓ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા આપવામાં આવે છે. આ વિદ્યાર્થીઓને સંસ્થાના ડાયરેકટર વસંતભાઈ પેથાણી, કોચ રવિભાઈ નાવડીયા, ડીએલએસએસ સ્ટાફ તેમજ સંસ્થાના તમામ સ્ટાફ ધ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ હતા અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તે માટે શુભકામના પાઠવવામાં આવેલ હતી. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ, ડાયરકેટર વસંતભાઈ પેથાણી, શાળાના આચાર્યોઅને સ્ટાફગણ, તમામ વિદ્યાર્થીઓને આ ક્ષેત્રે આગળ વધે અને દેશ, રાજય અને જિલ્લાનું નામ રોશન કરે તે માટે પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવેલ હતું.

# અમરેલી તાલુકા બીઆરસી ભવન દ્વારા વિશિષ્ઠ સિધ્ધિ પ્રાપ્ત કરનાર બાળકોને એકસપ્લોઝર વિઝીટ કરાવવામાં આવી





અમરેલી,

શીક્ષણ વિભાગ દ્વારા સરકારી શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. આ કાર્યક્રમોના માધ્યમથી શાળાના બાળકોમાં રહેલ કલા, શકિત ને બહાર લાવવા તથા બાળક જે તે ક્ષેત્રમાં વધુ આગળ વધે તથા સીધ્ધી પ્રાપ્ત કરે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. શાળા કક્ષા, કલસ્ટર કક્ષા, તાલુકા કક્ષા, જીલ્લા કક્ષા આમ વિવિધ સ્તર પર આવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવતુ હોય છે તથા બાળકને પ્રોત્સાહન મને તે માટે બાળકોને સન્માનીત કરવામાં આવતા હોય છે. અમરેલી તાલુકાની શાળાઓમાં પણ આવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવતુ હોય છે. જેમાં તાલુકા કક્ષા સુધી પહોચી તાલુકામાં ઉતકૃષ્ટ પ્રદર્શન કરનાર બાળકો માટે અમરેલી તાલુકા બી.આર.સી. ભવન દ્વારા એકસપ્લોઝર વિઝિટ નું આયોજન કરવામાં આવ્યુ હતું. તાલુકા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં વિશિષ્ટ સિધ્ધી પ્રાપ્ત કરનાર બાળકોનેબી.આર.સી. ભવન દ્વારા વિના મુલ્યે પ્રવાસ કરાવવામાં આવ્યો હતો જેમાં બાળકોને ચલાલા ખાતે આવેલ ગાયત્રી શકિત પીઠની મુલાકાત લઈ બાળકો દ્વારા અહીં ઘોડેસવારીનો આનંદ લીધો હતો, ત્યાંથી બાળકોને સફારી પાર્ક આબંરડીની મુલાકાત લીધી હતી જયા બાળકોએ પાર્કમાં રહેલા સિંહ, હરણ જેવા પ્રાણીઓ નીહાળી તેના વિશે માહીતી મેળવી હતી. બાજુમાં આવેલ પવિત્ર ધામ ગળધરા ખોડીયાર માતાજી મંદીરે કર્યા હતા. બાળકો દ્વારા ચલાલા ખાતે આવેલા પવિત્ર ધામ દાનેવ ધામ ની મુલાકાત લઈ સમાધીસ્થાનના દર્શન કરી તેમના ઈતિહાસની જાણકારી મેળવી હતી. ત્યારબાદ અમરેલી નજીક ગાવડકા ગામ પાસે આવેલ ડેરી એટલે કે અમર ડેરીની બાળકો દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. અહી ડેરીના સ્ટાફ દ્વારા ગામડાઓમાંથી આવતા દુધમાં કઈ રીતે પ્રોસેસ કરવામાં આવે છે તથા તેનુ કઈ રીતે પેકીંગ કરી માર્કેટમાં પહોચાડવામાં આવે છે તેના વીશે વિગતે માહિતી આપવામાં આવી હતી. આડા ઘર સુધી દુધ કઈ રીતે પહોચે છે તેના વીશે જાણીને બાળકોને ખુબ જ આનંદ થયો હતો. અહી ડેરીના સ્ટાફ દ્વારા બાળકોને છાસ પીવરાવવામાં આવી હતી. આમ અમરેલીની વીવીધ શાળાના બાળકોએ એક દિવસીય પ્રવાસ દ્વારા ગાયત્રી શકિત પીઠ, સફારી પાર્ક, દાનેવ ધામ અને અમર ડેરી જેવા સ્થળોનીમુલાકાત લઈ માહિતી પ્રાપ્ત કરી હતી અને આનંદ મેળવ્યો હતો. આ તકે બાળકોની સાથે બી.આર.સી. ભવન અમરેલીનો સ્ટાફ પણ સાથે જોડાયો હતો.

# જરૂરિયાતમંદ પરિવારોને ખાદ્ય સામગ્રી કીટનું વિતરણ કરવામાં આવ્યું



સાવરકુંડલાઃ

સાવરકુંડલા ખાતે આજરોજ મહાકાળી ચોક ખાતે આવેલ શોપીંગ કોમ્પલેક્ષમાં સ્વ. ચંપકલાલ છગનભાઈ ખેતાણીની પુણ્યતિથિ નિમિત્તે સાવરકુંડલા શહેરના ગણમાન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં ખેતાણી પરિવાર દ્વારા ચાલતાં ચાર છાશ કેન્દ્રના ૧૭૦૦ જેટલાં લાભાર્થીઓને ખાદ્ય ચીજવસ્તુઓની કીટ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના સુપ્રિટેન્ડન્ટ ડો પ્રકાશભાઈ કટારિયા, ડો.અંકુર પટેલ, ડો. હેમલ ચોટલીયા, વિદુલાબેન સૂચક, મહેન્દ્રભાઈ કુકડિયા, સાવરકુંડલાના પત્રાકાર પ્રદીપભાઈ દોશી, બિપીનભાઈ પાંધી, યોગેશ ઉનડકટ તથા દીપકભાઈ પાંધી ઉપસ્થિત રહ્યા હતા છેલ્લા ઘણા વર્ષોથી માતુશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરીવારની સેવાકીય પ્રવૃત્તિઓનું આ શહેરમાં નોંધનીય પ્રદાન છે..આ ખેતાણી પરીવાર દ્વારા સાવરકુંડલાના ૧૭૦૦ જેટલા પરિવારોને વિનામૂલ્યે છાશ વિતરણ કરવામાં આવે છે.

અહીં સાવરકુંડલા ખાતે ખેતાણી પરીવારની સૂચના મુજબ આ સેવાકીય પ્રવૃત્તિઓ ચાલે છે. ખેતાણી પરીવાર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ ઉત્સવો પર વર્ષમાં ચાર વખત આ પરીવાર દ્વારા ચાલતાં છાશ કેન્દ્રના લાભાર્થીઓને આવી કીટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

# અમરેલી : જિલ્લામાં ૪૯ મતદાન મથકો મહિલા સંચાલિત હશે વિધાનસભા મતદાર વિભાગ ખાતે ૭ આદર્શ મતદાન મથક

અમરેલી માર્ચ, ૨૦૨૪ (શનિવાર) લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત સમગ્ર જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી છે. અમરેલી જિલ્લાની લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ યોજાશે, મતગણતરી તા. ૦૪ જૂન, ૨૦૨૪ ના રોજ થશે. ભારતના ચૂંટણી પંચના 'સુગમ ચૂંટણી'ના અભિગમને ચરિતાર્થ કરવા માટે જિલ્લામાં વિશેષ મતદાન મથકોની રચના કરવામાં આવશે. વિધાનસભા મતદાર વિભાગ ખાતે એક-એક એમ અમરેલી જિલ્લામાં પી.ડબલ્યું.ડી. (દિવ્યાંગ) સંચાલિત ૦૭ મતદાન મથકની રચના થશે, જેમાં સિકયુરિટી સ્ટાફ સિવાયના તમામ કર્મચારીઓ દિવ્યાંગ રહેશે. વિધાનસભા મતદાર વિભાગ ખાતે ૭ એ રીતે જિલ્લામાં ૪૯ મતદાન મથકો મહિલા સંચાલિત હશે, જયાં પોલિંગ સ્ટાફ તરીકે મહિલા અધિકારી-કર્મચારીઓ ચૂંટણી ફરજ બજાવશે. દરેક વિધાનસભા મતદાર વિભાગ ખાતે એક-એક, ૦૭ આદર્શ (મોડેલ) મતદાન મથક બનાવવામાં આવશે. જિલ્લામાં યુવા કર્મચારી સંચાલિત એક યુવા મતદાન મથક રહેશે.વિશેષ મતદાન મથકો બનાવવાનો હેતુ ચૂંટણી પ્રક્રિયામાં, મહિલાઓ, દિવ્યાંગ અને યુવાઓની ભાગીદારી વધારવાનો છે.

# અમરેલીમાં અખાડા ગ્રાઉન્ડમાં ખેલાડીઓની થશે પસંદગી

## રણજી ટ્રોફી ખેલાડીઓ કરશે ક્રિકેટરની પસંદગી

અતુલ કારીયા અમરેલી,

અમરેલી ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશનનાં પ્રમુખની યાદીમાં જણાવ્યા અનુસાર ૧ એપ્રિલને સોમવારે અખાડા ગ્રાઉન્ડ ખાતે બપોરે ૩ કલાકે અન્ડર-૧૬, અન્ડર-૧૯ અને અન્ડર-૨૩ ખેલાડીઓને ઉપસ્થિતિરહેવા જણાવાયું છે.

રસ ધરાવનાર ક્રિકેટવીરોએ સફેદ ડ્રેસ પહેરવો ફરજિયાત છે. સાથે કીટ બેગ અને જન્મનું પ્રમાણપત્ર, સ્કૂલ બોનાફાઈડ, ઓરીજનલ આધારકાર્ડ, ઓરીજનલ પાનકાર્ડ સહિતનાં દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# ગીરધરવાવથી આકાશીપરા જવાના રસ્તેથી દેશી જામગરી બંદૂક સાથે યુવક ઝડપાયો

અમરેલી,સાવરકુંડલાના ગીરધરવાવથી આકાશીપરા જવાના રસ્તેથી એક યુવક દેશી જામગરી બંદૂક સાથે ઝડપાયો હતો. યોગેશભાઈ કિશોરભાઈ કવા (ઉ.વ.૩૦) નામનો યુવક લાયસન્સ વગર એક દેશી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર) પોતાના કબ્જામાં રાખી મળી આવ્યો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.એ.સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

**જીલ્લામાંથી ૧૪ પીધેલા અને ૧૪ લોકો પાસેથી દેશી દારૂ મળ્યો**

અમરેલી જિલ્લામાં પોલીસ પ્રોહિબીશનના પ્રવૃત્તિ કરતાં ઈસમો સામે લાલ આંખ કરી રહી છે.આમ છતાં દારૂડીયાઓને પોલીસનો કંઈ જ ડર ન હોય તેમ બિન્દાસ્ત ટલ્લી થઈને ફરતા નજરે પડે છે. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૪ ઈસમો પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. જ્યારે ૧૪ લોકો પાસેથી ૪૧ લીટર પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો.

# જિલ્લામા ચૂંટણીને લગતી કોઈપણ ફરિયાદની ૧૦૦ મિનિટમાં કાર્યવાહી કરાશે

અમરેલી,અમરેલી જિલ્લામાં સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન અંતર્ગત યુવાન મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ પ્રસરાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ દરમિયાન કોઈપણ નાગરિકને ચૂંટણી અંગે ઉમેદવાર કે આદર્શ આચારસંહિતાના ભંગ અંગે ફરિયાદ કરવી હોય તો સી-વિજિલ એપના માધ્યમથી ફરિયાદ કરી શકે છે.

# રાજકોટની ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ શખ્સ પાસામાં ધકેલાયો : જેલ હવાલે



રાજકોટ, રાજકોટ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં નોંધાયેલી ઘરફોડ ચોરીના ત્રણ ગુનામાં સામેલ શખ્સોને પાસામાં ધકેલી દેવાયો છે. મળતી વિગત મુજબ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં નોંધાયેલ ઘરફોડ ચોરીના ગુનામાં સામેલ આદિલ ઉર્ફે તપેલી ઉર્ફે સુલતાન મહેબુબભાઇ મલેક (ઉ.વ.૨૨) (રહે. ભાવનગર કુંભારવાડા પાસે મેચ ફેકટરીની પાછળ) ને પાસામાં ધકેલવા માટે પીસીબી શાખાના પીઆઇ એસ.એસ.રાણે એએસઆઇ રાજુભાઇ તથા હેડ કોન્સ). ઈન્દ્રમવિજયસિંહ સીસોદીયાએ દરખાસ્તમ કરતા પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવે વોરન્ટઆ ઈસ્યુહ કરતા પ્ર.નગર પોલીસ મથકના પીઆઇ બી.એમ. ઝણકાંટ, પી.આર. ડોબરીયા, પીએસઆઈ બી.વી.ચુડાસમા, એએસઆઈ સી.જે.ઝાલા, સી.એમ. ચાવડા, કોન્સન. મનસુરશા, મેહુલભાઇ, તુલસીભાઇ અને અંકીતભાઇ સહીતે આદિલ ઉર્ફે તપેલી ઉર્ફે સુલતાનને પાસા હેઠળ અટકાયત કરી અમદાવાદ જેલ હવાલે કર્યો હતો.

# યથા આર્ટ એકેડેમી દ્વારા કરાટે ગ્રેડેશન એક્ઝામ યોજાઈ




સાવરકુંડલાઃ

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં ઓલ ઈન્ડિયા વડોકાઈ કરાટે ડો એસોસિએશન અને યથા આર્ટ એકેડેમી દ્વારા કરાટે ગ્રેડેશન એક્ઝામનું આયોજન કરવામાં આવેલ જેમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ના ૪૪ વિદ્યાર્થીઓમાંથી ૩૧ વિદ્યાર્થીઓએ વ્હાઈટ બેલ્ટ તથા ૧૩ વિદ્યાર્થી યેલો બેલ્ટ એક્ઝામ આપી ઉતિર્ણ થઈ શાળા પરિવારનું ગૌરવ વધાર્યું. આગળ આ વિદ્યાથીઓ આગળના બેલ્ટની તૈયારી કરશે તેમજ જિલ્લા હરિફાઈમાં વિજેતા વિદ્યાર્થી સુરત ખાતે ૧૩ મી ગુજરાત કરાટે ચેમ્પિયનશિપ રમવા માટે જશે. અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે જેમાં ગુજરાત વડોકાઈ કરાટેના જનરલ સેક્રેટરી સેન્સેઈ મયુર કુમાર ચૌહાણ, રિધ્ધિ મહેતા તથા હદિસા મહેતર દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓ પ્રગતિ કરે તેવા આશીર્વાદ પૂ રતિદાદાએ આપ્યા હતા. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેક્ટર શ્રી ભારત ભૂષણ મહેશભાઈ આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# લુણીધાર ગામે કેન્ડી ખાધા બાદ ફુડ પોઈઝનથી ૨૬ જેટલા વ્યકિતઓને હોસ્પિટલમાં ખસેડાયા

અમરેલી,

અમરેલી નજીક આવેલ લુણીધાર ગામે સાંજના સમયે કેટલાક લોકોએ કેન્ડી ખાધા બાદ ફુડ પોઈઝનની અસર થતા ૨૬ જેટલા વ્યકિતઓને અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. જો કે એકી સાથે મોટી સંખ્યામાં દર્દીઓ ખસેડાતા અફડા તફડી મચી જવા પામી છે. આ બનાવમાં સુત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલી નજીક આવેલ લુણીધાર ગામે સાંજના સમયે



મહિલા-પુરૂષો સહિતના લોકોએ લુણીધાર ગામે કેન્ડી ખાધા બાદ ફુડ પોઈઝન થતા ૨૬ જેટલા વ્યકિતઓને ૧૦૮ મારફતે અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. જો કે એકી સાથે મોટી સંખ્યામાં દર્દીઓ ખસેડાતા અફડા તફડી મચી જવા પામી છે. જો કોઈ દર્દીની હાલત સામાન્ય હોય વહીવટી તંત્રએ રાહતનો દમ લીધો હતો.

# રાજકોટની ખોડલધામ રેસિડેન્સીમાં બંધ મકાનના તાળાં તોડી તસ્કરો રૂ.૯૬ હજારના દાગીનાની ચોરી ગયા

## એન્જીનીયર પરિવાર માઠા પ્રસંગે બહારગામ જતાં તસ્કરો ખાબકયા : સીસીટીવી ફુટેજના આધારે પોલીસની તપાસ

રાજકોટ,

રાજકોટ કોઠારીયામાં સરદાર ગૌશાળાની બાજુમાં સેલીબ્રેશન પાર્ટી પ્લોટની પાછળ ખોડલધામ રેસિડેન્સી -૨ માં એન્જીનીયરના બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ હાથ ફેરો કરી રૂ.૯૬ હજારના દાગીનાની ચોરી કરી નાસી છૂટતાં આજીડેમ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.



બનાવ અંગે કોઠારીયામાં સરદાર ગૌશાળાની બાજુમાં સેલીબ્રેશન પાર્ટી પ્લોટની પાછળ ખોડલધામ રેસિડેન્સી -૨ માં રહેતાં અશ્વિનભાઈ લાલજીભાઈ કણજારીયા (ઉ.વ.૩૪) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ લોધીકામાં આવેલ એ.ડી.કો. એસ્કોર્ટ નામની કંપનીમાં એન્જીનીયર તરીકે નોકરી કરે છે. ગઇ તા.૨૮/૦૩/૨૦૨૪ ના સાંજના સમયે તેઓ પત્ની અને પુત્ર સાથે તેમના વતન આંબરડી ગામે ભાભુના બેસણુ હોય જેથી ઘરે તાળા મારી ગયેલ હતાં. બાદમાં તા.૩૧/૦૩/૨૦૨૪ ના બપોરના સમયે ઘરે આવેલ ત્યારે જોયુ તો ઘરની ડેલીનું તાળુ બંધ હતુ જે ખોલી અંદર જોતા રૂમના દરવાજાનુ તાળુ નકુચા સહીત તુટેલ હતું.

રૂમમાં રહેલ લાકડાનો કબાટ ખુલ્લો હતો અને સામાન-કપડા વેરવિખેલ પડેલ હતાં અને કબાટના ખાનામાં તિજોરીમાં રાખેલ સોનાનું પેન્ડલ સેટ રૂ.૬૨ હજાર, સોનાની વીંટી નંગ-૨ રૂ.૧૫ હજાર, એક જોડી સોનાના પાટલા રૂ.૧૨ હજાર, એક ચાંદિનો જુડો રૂ.૪ હજાર, ચાંદિની વિંટી નંગ-૪ રૂ.૧૬૦૦ તેમજ ચાંદીનું એક મંગળસુત્ર મળી કુલ રૂ.૯૬,૨૦૦ ના દાગીના રૂમમાં કબાટની તીજોરીમાંથી ઘરમાં ઘુસેલા અજાણ્યો તસ્કર ચોરી કરી નાસી છૂટ્યો હતો.

બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી પીએસઆઇ એ.આર.રાઠોડ અને સ્ટાફે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી.

# રાજકોટના શાપરમાં પત્ની પ્રેમી સાથે ભાગી જતા પતિએ ફિનાઈલ પીધું

## માતા ૨૦ હજારની રોકડ અને દોઢ લાખના દાગીના લઈ ભાગી ગયાનો પુત્રનો આરોપ

રાજકોટ,

શાપરમાં પત્ની પ્રેમી સાથે ભાગી જતા પતિએ ફીનાઈલ પી લીધું હતું. જે બનાવમાં માતા રૂ.૨૦ હજારની રોકડ અને દોઢ લાખની કિંમતના દાગીના લઈ નાસી છૂટી હોવાનો પુત્રએ આક્ષેપ કર્યો છે. આપઘાતનો પ્રયાસ કરનાર આધેડને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શાપરમાં આવેલી આદર્શ રેસિડેન્સીમાં રહેતા નાનજીભાઈ ધાનાભાઈ સોંદરવા નામના ૬૫ વર્ષના વૃદ્ધ બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં પારડી ગામના ઓવર બ્રિજ પાસે હતા ત્યારે ફિનાઈલ પી લીધું હતું. વૃદ્ધને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરતા શાપર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં નાનજીભાઈ સોંદરવા મૂળ કેશોદ પંથકના વતની છે અને હાલ શાપરમાં રહી મજૂરી કામ કરે છે અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. નાનજીભાઈ સોંદરવાની પત્ની મીનાબેનને શૈલેષ નામના શખ્સ સાથે આડા સંબંધ હતા અને પત્ની મીનાબેન પ્રેમી શૈલેષ સાથે ભાગી જતા નાનજીભાઈ સોંદરવાને માઠુ લાગી આવતા ફિનાઈલ પી લીધી હોવાનું અને મીનાબેન રૂ.૨૦,૦૦૦ ની રોકડ અને રૂ.૧.૫૦ લાખની કિંમતના દાગીના લઈ નાસી છૂટી હોવાનો તેમના પુત્રએ આક્ષેપ કર્યો છે. આક્ષેપના પગલે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જસદણના દેવપરા ગામે મંદિરના મહંતનો ગળેફાંસો ખાઈ આપઘાત

## મંદિરના પટાંગણમાં ઝાડ સાથે લટકી ગયા : સેવકોમાં ગમગીની

રાજકોટ,

રાજકોટ જિલ્લાના જસદણ નજીક આવેલ દેવપરા ગામની સીમમાં બિલીયા મહાદેવ મંદિરના મહંત મોડીરાત્રે અકળ કારણોસર મંદિરના પટાગણમાં આવેલ ઝાડ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ લઈ આપઘાત કરી લેતા અરેરાટી ફેલાઇ જવા પામી છે.

આ બનાવ અંગેની જાણવા મળતી વિગત મુજબ જસદણના દેવપરા ગામની સીમમાં આવેલ બીલીયા મહાદેવ મંદિરના મહંતે મોડીરાત્રીના મંદિરના પટાગણમાં ઝાડ સામે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.આ બનાવની સવારે મંદિરે દર્શને ગયેલા સેવકોને જાણ થતા પોલીસને જાણ કરવામાં આવી હતી જેના પગલે પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ મહંતના મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પીટલે મોકલી આપ્યો છે.બિલીયા મહાદેવ મંદિરમાં



વર્ષોથી સેવા પૂજા કરતા મહંતે મોડીરાત્રે મંદિરે એકલા હતા ત્યારે આપઘતા કરી લીધો છે. ત્યારે હજુ સુધી આપઘાતનું ચોક્કસ કારણ જાણવા મળેલ નથી.

આ ઘટનાની જાણ થતા મોટી સંખ્યામાં ગ્રામજનો અને સેવકો બિલીયા મહાદેવ મંદિરે દોડી ગયા છે. જ્યારે પોલીસ સ્ટાફે પણ આપઘાતનું કારણ જાણવા સેવકોની પૂછપરછ હાથ ધરી છે.

# રાજકોટના બામણબોરના ગુંદાળા પાસે વાડીમાં દિપડો પાંજરે પુરાયોઃ ગ્રામજનોમાં હાશકારો

## સરપંચની રજૂઆત બાદ ફોરેસ્ટર વિભાગે કરી કાર્યવાહી

રાજકોટ,

રાજકોટ જીલ્લાના બામણબોર નજીકના ગુંદાળા ગામે પંદર દિવસથી દિપડાએ ધામા નાખ્યા હોઈ લોકોમાં ફફડાટ ફેલાયો હતો. કલાભાઇ રઘુભાઇ ભરવાડની વાડી પાસે દિપડો વધુ આટાફેરા કરતો હોઈ સરપંચ વિક્રમભાઇને જાણ કરતાં તેમણે ફોરેસ્ટા વિભાગને રજુઆત કરતાં પાંજરૂ મુકવામાં આવ્યું હતું. વેહલી સવારે દિપડો આ પાંજરામાં પુરાઇ જતાં ગામલોકોએ હાશકારો અનુભવ્યોગ હતો.



વાડી માલિક કલાભાઇ ભરવાડ અને સરપંચ વિક્રમભાઈએ વહેલી સવારે દિપડો પાંજરે પુરાઇ ગયાની જાણ કરતાં ફોરેસ્ટ અધિકારી વિશાલભાઇ ડાંગર તેમની ટીમ લઇને તાકીદે પહોંચ્યા હતાં અને પાંજરે પુરાયેલા દિપડાને લઇ જવા તજવીજ કરી હતી. જેની વાડી પાસેથી દિપડો પકડાયો તે માલધારી કલાભાઇ રઘુભાઈએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસમાં વાડી આસપાસ માલધારીઓના ચારેક વાછરડાઓના મારણ કર્યા હતાં. દિપડો પુરાઇ જતાં ગામલોકોએ હાશકારો અનુભવ્યો હતો.

# રાજકોટના પેડક રોડ પર કારખાનામાં જુગારનો દરોડોઃ કારખાનેદાર સહિત ૯ પકડાયા

રાજકોટ,

રાજકોટના પેડક રોડપર સ્વીકમીંગ પુલ નજીક આવેલા ઈમીટેશનના કારખાનામાં બી ડીવીઝન પોલીસે બાતમીના આધારે દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા કારખાનેદાર સહિત નવ શખ્સોને પકડી લીધા છે.

મળતી વિગત મુજબ આડો પેડક રોડ પર આવેલા સ્વીનમીંગ પુલ નજીક આવેલા બાપા સીતારામ ઈમીટેશનના નામના કારખાનામાં કેટલાક શખ્સોર જુગાર રમતા હોવાની બી ડીવીઝન પોલીસ મથકના કોન્સ . નિલેશભાઇ વાવેચાની બાતમી મળતા સ્ટાંફ સાથે દરોડો પાડી તીનપતિનો જાગર રમતા કારખાનેદાર ભરતભાઇ રતીભાઇ પાનસુરીયા (રહે. કબીરવન સોસાયટી શેરી નં.૨ના સંજયભાઇ બીપીનભાઇ અજાણી પેડક રોડ, ગાંધી સ્મૃપતિ સોસાયટી-૨ના રવિ હસમુખભાઇ લીંબાસીયા, સંતકબીર રોડ,કૈલાશધારા સોસાયટી શેરીનં.૩, વિશાલ મનસુખભાઇ સંચાણીયા, જસદણના બરવાળા ગામના મહેશ ધીરૂભાઇ ઝાપડીયા, સંતકબીર રોડ, કૈલાશધારા સોસાયટી શેરી નં.૩ના કિશન જેન્તીભાઇ સાપરીયા કોઠારીયા મેઈન રોડ સોરઠીયા પાર્ક શેરી નં.૩ કપીલ એપાર્ટમેન્ટશના સુરજ દિનેશભાઇ વેકરીયા, સંતકબીર રોડ, ગુજરાત હાઊસીંગ બોર્ડક વાર્ટરના મહેન્દ્રસિંહ ઉર્ફે યુવરાજસિંહ ઘનશ્યાટમસિંહ મોરી, મયંકભાઇ રાજેભાઇ, રાઠોડને પકડી લઇ રૂા.૨૨૯૩૦ની રોકડ સહિતની મતા કબજે કરી હતી.

# મોરબીના સિમ્પોલો સિરામિક ગ્રુપના સિમ્પોલો ફાઉન્ડેશન દ્વારા ૫૦૦ થી વધારે દિવ્યાંગોને ટ્રાયસિકલ વિતરણ

## મોરના ઈંડા ચીતરવા ન પડે, અને સંસ્કારો પરિવારમાંથી જ મળે તેમ ચોથી પેઢી પણ સેવા ગવકાર્યોમાં કાર્યરત






સન્ની વ્યાસ મોરબી તા ૩૧

મોરબી પંથકના સિરામિક ઉદ્યોગ જગતમાં પ્રથમ હરોળના ઉધોગપતિ અને સેવાકાર્યો માટે જાણીતા, ચોથી વખત ટ્રાયસિકલ વિતરણ કરનાર ઠાકરશીભાઈ ગાંડુભાઈ અઘારાની આગેવાનીમાં સિમ્પોલ ફાઉન્ડેશન, સિમ્પોલો ગ્રુપ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

કોઈપણ જાતની વાહ વાહી કે પબ્લીસીટી વીના માત્ર અને માત્ર " સેવા ધર્મો પરમ " એ સુત્રને સાર્થક કરતા મોરબી સ્થિત સિમ્પોલો ગ્રુપના મોભી ઠાકરશીભાઈ ગાંડુભાઈ અઘારા દ્વારા દિવ્યાંગોને સતત ચોથી વખત ૫૦૦ થી વધારે ટ્રાયસિકલ અર્પણ કરવાનો હાલમાં કાર્યક્રમ ચાલી રહ્યો છે. દીવ્યાંગોને વિના મુલ્યે ટ્રાયસિકલ આપવાની જાહેરાતના પગલે જરૂરતમંદ ૫૦૦ થી વધારે દિવ્યંગોએ નામ નોંધાવ્યા હતા. પોતાને દિવ્યાગોને ટ્રાયસિકલ આપવાની ઈચ્છા થયા બાદ આજે ચોથી વખત ટ્રાયસિકલ વિતરણનો કાર્યક્રમ ચાલી રહયો છે તેમજ પોતાના દ્વારા નિરાધાર, ગરીબ, જરૂરતમંદોને માસિક સહાય આપીએ છે આજે ૧૧૦ થી વધારે લોકો તેનો લાભ લઈ રહ્યા છે સાથો સાથ પોતાના દ્વારા ચાલતી અનેક સેવાકીય પ્રવૃત્તિઓની ટુંકી માહિતી ઠાકરશીભાઈએ આપી હતી.જીતુભાઈએ પોતાના દાદાના પગલે પોતાના પિતાજી સેવાકાર્યો કરી રહ્યા છે તે અમારા માટે પ્રેરણા સ્ત્રોત સમાન છે. તો ભરતભાઈએ પોતાના વ્યવસાઈક નફામાંથી ૨ ટકા સેવાકાર્યો વાપરતા હોવાનુ જણાવ્યુ હતુ.

તો જીતુભાઈના પુત્ર દીપભાઈ પણ આ સેવાભાવિ પરિવારના પગલે સેવાકાર્યોમાં સાથે રહેવાથી પોતાને અનન્ય આનંદની અનુભતી થતી હોવા સાથે પ્રેરણા મળતી હોવાનું જણાવ્યું હતુ.ટ્રાયસિકલ મેળવનાર દિવ્યંગો સિમ્પોલો ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કરવા સાથે આ પરિવારનાં સેવાકાર્યો માટે આશિર્વાદ વરસાવી રહ્યા હતા. આ તકે ભાવવિભોર દ્રશ્યો સર્જાયા હતા.

# રાજકોટની સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ એરીયાના કારખાનામાં યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

રાજકોટ,

રાજકોટ શહેરના સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં આવેલા એક કારખાનામાં યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગયો છે.સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં શેરી નં. ૧૫ માં આવેલા શીવમ વાયર પ્રોડકટ નામના કારખાનામાં દિપક રામજીભાઈ ચૌહાણ (ઉ.૨૨) એ ગળાફાંસો ખાઈ લીધો હતો. કારખાનાના કર્મચારીએ યુવાનને લટકતી હાલતમાં જોઈ જતા દેકારો મચાવતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા બાદ કોંઈએ ૧૦૮ માં જાણ કરતા ૧૦૮ ની ટીમે સ્થળ પર પહોંચી ભકિતનગર પોલીસ મથકના એએસઆઈ કે. યુ. વાળાએ તપાસ આદરી છે.

# રાજકોટના ગંજીવાડામાં છાત્રાએ પરીક્ષામાં પેપર નબળા જતાં ટેન્શનમા આવી જતાં ફિનાઈલ પીધૂ : સારવારમાં દાખલ

રાજકોટ,

રાજકોટ શહેરના ગંજીવાડામાં રહેતા વિદ્યાર્થીએ ધો.૧૦ની પરીક્ષામાં અમુક પેપર નબળા જતા આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આયુષ ચાવડા નામના વિદ્યાર્થીને હાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. તેમના પરિવારજનોમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ હતી.બનાવની વિગત મુજબ વિંછીયાની હોસ્ટેલમાં રહી ત્યાં જ અભ્યાસ કરતો આયુષ મહેશભાઈ ચાવડા (ઉ.વ.૧૭, રહે- ગંજીવાડા શેરી નં-૬) નામનાં વિદ્યાર્થીએ ગઈકાલે સવારે પોતાનાં ઘરે ફિનાઈલ પી જતા તાકિદે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં સારુ જણાતાં તબીબે રજા આપી હતી. આયુષે થોડો સમય પહેલાં જ ધો.૧૦ ની પરીક્ષા આપી હતી. જે પરીક્ષામાં પેપર સારા ન ગયા હોવાથી અને ઓછી ટકાવારી આવશે જેનાં ટેન્શનમાં ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.


**The Co-Operative Bank of Rajkot Ltd.**

Multi State Co-Operative Bank

Raj Bank

ગ્રાહકોના અતૂટ વિશ્વાસ અને કર્મચારીઓના ટીમવર્કના સથવારે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪નાં અંતે શાનદાર પરિણામ સાથે

**રૂા. ૪૯૪૫ કરોડના બિઝનેસમાં રૂા. ૯૨ કરોડનો નફો કરતી આપની બેંક**

(*ઈન્કમટેક્સ અને કાયદાકીય જોગવાઈઓ પહેલાનો કાર્યકારી નફો)

(રકમ રૂપિયા કરોડમાં)

| ક્રમ | | વિગત | ૩૧.૦૩.૨૦૨૪ અનઓડીટેડ |
|---|---|---|---|
| ૧ | | આવક | |
| | ૧.૧ | ધિરાણ વ્યાજ આવક | 174 |
| | ૧.૨ | રોકાણ વ્યાજ આવક | 117 |
| | ૧.૩ | વ્યાજ સિવાયની આવક | 22 |
| ૨ | | કુલ આવક | 313 |
| ૩ | | ખર્ચ | |
| | ૩.૧ | ડીપોઝીટ્સ વ્યાજ ખર્ચ | 139 |
| | ૩.૨ | કર્મચારી પગાર ખર્ચ | 28 |
| | ૩.૩ | અન્ય વહીવટી ખર્ચ | 54 |
| ૪ | | કુલ ખર્ચ | 221 |
| ૫ | | કાર્યકારી નફો (૨-૪) | 92 |

(રકમ રૂપિયા કરોડમાં)

| ક્રમ | | વિગત | ૩૧.૦૩.૨૦૨૪ અનઓડીટેડ |
|---|---|---|---|
| ૬ | | અન્ય માહિતી | |
| | ૬.૧ | ડીપોઝીટ્સ | 2954 |
| | ૬.૨ | રોકડ+કરન્ટ+FD બેલેન્સ | 439 |
| | ૬.૩ | G-Sec તથા અન્ય રોકાણો | 1105 |
| | ૬.૪ | લોન અને ધિરાણો | 1991 |
| | ૬.૫ | બિઝનેશ | 4945 |

ધંધાકીય હેતુ માટે
સ્મોલ લોન 8.50%
બિઝનેસ / ઈન્ડસ્ટ્રીયલ / મશીનરી / ફર્નીચર ફીક્ષર લોન / ઓવરડ્રાફ્ટ / સીસી / મેડીકલ ઈક્વીપમેન્ટ તથા અન્ય લોન ડોક્ટર માટે

સોનાના દાગીના સામે ધિરાણ સુવિધા ઉપલબ્ધ
ગોલ્ડ લોન રૂ. ૧.૭૫ લાખ સુધી
ગોલ્ડ સામે ઓવરડ્રાફ્ટ રૂ. ૧૦ લાખ સુધી
9.00%

ફિક્સડ ડિપોઝિટ up to
7.50% (જનરલ)
8.00% (સીનીઅર સીટીઝન)

- ૨૭ શાખાઓ
- ૧૭ એટીએમ (રુ-પે પ્લેટીનમ કાર્ડ)
- ૦૮ કેશ ડીપોઝીટ / ઉપાડ મશીન
- લોકર સુવિધા (તમામ શાખાઓ)
- RTGS / NEFT / IMPS સુવિધા
- SMS Alert & Missed Call સુવિધા
- Mobile Banking સુવિધા
- Whats App Banking સુવિધા

જુલી સાવલીયા — સી.ઈ.ઓ.
હર્ષદભાઈ માલાણી — ચેરમેન

'Sahakar Sarita', Panchnath Road, Rajkot - 360 001 (Gujarat)
0281 - 2234454 / 2224120 Fax: 0281 - 2236682 info@tcbrl.com tcbrl.com

sunad


સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## ૨૦૨૪માં ચાર અબજ લોકો ચૂંટણીમાં મતદાન કરશે

ભારત સહિત વિશ્વના મોટાભાગના દેશોમાં ૨૦૨૪ માં ચૂંટણી યોજાઈ રહી છે તેનો અર્થ એવો થાય કે અડધી દુનિયા ના લોકો ચૂંટણીમાં મતદાન કરશે

વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ ભારતમાં ૨૦૨૪ માં જે ચૂંટણી યોજવાની છે તે વિશ્વ કક્ષાએ સૌથી મોટી ચુંટણી છે ભારતનો જે ચૂંટણીતંત્ર છે તે વિશ્વનો સૌથી મોટો સૌથી વધુ સુનિયોજીત ચૂંટણી તંત્ર છે આવી જ રીતે વિશ્વની સૌથી જૂની લોકશાહી ગણાતી અમેરિકાની ચૂંટણી પણ આ વર્ષમાં જ આવી રહી છે ત્યાં આ વખતે બે મોટા હોય એવું નેતાઓ સામસામે ચૂંટણી લડી રહ્યા છે આ ચૂંટણી મારે રસાકસી વાળી બની જવાની છે ભારત અને અમેરિકાની ચૂંટણીમાં જમીન આસમાન નો તફાવત છે બંનેની સિસ્ટમ જુદી છે આમ છતાં ભારતનો ચૂંટણી તંત્ર વિશ્વની અંદર સૌથી વધુ કાર્યક્ષમ અને સૌથી વધુ તથા ગણવામાં આવે છે વિશ્વના ઘણા દેશો ભારતના ચૂંટણી તંત્રને મોડેલ ગણીને તેનો અભ્યાસ કરે છે અને પોતાની રીતે ચૂંટણી ચોજે છે એક સમયે ભારતમાં બેલેટ પેપર પર મતદાન કરવામાં આવતું હતું હવે ઓટોમેટીક ઇલેક્ટ્રોનિક મશીનો આવી ગયા છે જેને કારણે ચૂંટણીમાં ઝડપ આવે છે ભારતે કેવો દેશ છે કે આ બારેમાસ કોઈને કોઈ જગ્યાએ તો ચૂંટણી ચાલ્યા જ કરતી હોય છે લોકસભા થી માંડીને ગામડાની પંચાયતમાં પણ ચૂંટણી થતી હોય છે સહકારી સંસ્થાઓમાં પણ ચૂંટણી થતી હોય છે લોકશાહી દેશનો સૌથી મોટો પરિબળ છે અને તે આપણા માટે ગૌરવ છે

આખી દુનિયા માટે ૨૦૨૪નું વર્ષ વિશાળ પરિવર્તનો આણનારું સાબિત થવાનું છે. આ વર્ષે જે લિપ વર્ષ છે તે દુનિયાની અડધી વસતીનું ભાગ્ય બદલશે. વાત એવી છે કે, ભારતમાં તો લોકસભા ચૂંટણીનું રણશિંગુ ફુંકાઈ ગયું છે અને અમેરિકામાં પણ ચૂંટણી મુદ્દે ગરબડ ગોટાળા ચાલ્યા કરે છે.

રશિયામાં ચૂંટણીના દેખાડા થયા અને ઘીના ઠામમાં ઘી પડે તેમ પુતિન જ સર્વસત્તાધિશ રહ્યા છે. આ બધા ફેરફારો વચ્ચે નોંધનિય બાબત એવી છે કે, ૨૦૨૪નું વર્ષ વૈશ્વિક સ્તરે રાજકીય ઉથલપાથલ અને ચૂંટણીઓનું વર્ષ રહેવાનું છે. આ વર્ષે દુનિયાના ૭૦થી વધારે દેશોમાં ચૂંટણી યોજાવાની છે. જાણકારોના મતે આ વર્ષે ૭૮ દેશોમાં ૮૩ જેટલી ચૂંટણીઓ થશે જેમાં દેશની નવી સરકારો રચાશે. તેમાં પૂનરાવર્તન અને પરિવર્તનના અવિસ્મરણીય પરિણામો જોવા મળી શકે છે. આ વર્ષે ભારત, અમેરિકા અને બ્રિટન જેવી મોટી લોકશાહીમાં ચૂંટણીઓ યોજાવાની છે. તો બીજી તરફ રશિયા, યુક્રેન, બાંગ્લાદેશ, પાકિસ્તાન જેવા દેશોમાં પણ ચૂંટણી થવાની છે. વસતીની દ્રષ્ટીએ જોઈએ તો દુનિયાની સૌથી વધુ વસતી ધરાવતા ભારતમાં ચૂંટણી થવાની છે તો બીજી તરફ માત્ર ૧૧,૩૯૬ની વસતી ધરાવતા નાનકડા દેશ તુવાલુમાં પણ નવી કેન્દ્ર સરકાર રચાશે.

વિશ્વની અડધી વસતી કરશે મતદાન ૨૦૨૪ના વર્ષમાં વૈશ્વિક સ્તરે જે ચૂંટણીઓ યોજાશે તે વર્લ્ડ રેકોર્ડ બની રહેવાનો છે. વિશ્વની અડધી વસતી એટલે કે અંદાજે ૪.૩ અબજ લોકો મતદાન કરશે. આ વખતે અમેરિકા અને ભારત જેવા મોટા દેશોમાં ચૂંટણી છે. તે ઉપરાંત એશિયા, આફ્રિકા અને યુરોપના ઘણા દેશોમાં નવી સરકાર રચાવાની છે. તે સિવાય યુરોપીયન યુનિયનના સભ્ય ૨૭ દેશોની પણ પોતાની ચૂંટણી થવાની છે. જી-૨૦અને જી-૭માં સ્થાન ધરાવતા મહત્ત્વના અને મોટા દેશોમાં આ વર્ષે ચૂંટણી થવાની છે.

# અપંગ અબળા નહીં, દિવ્યાંગ સબળા

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

**બાળવયથી એક પગની અપંગતા હોવા છતાં ખેડૂતની દીકરી કાંખઘોડીના સહારે જિંદગીમાં મજબૂત મન અને કઠણ કાળજાના સથવારે બીજવરને વરે છે. સાસરે જઈને આખા કુટુંબને ઉપયોગી થઈ, બેહું કરવામાં આગવી સૂઝ દાખવે છે**

ચાર વર્ષની ઉંમરે ખેડૂતની દીકરી અમરતને જમણા પગે ખોટ આવી. ગોઠણથી તે પગના ફણા સુધીનો ભાગ પોલિયોના કારણે સાવ પાતળો પડી ગયો. એ જમાનામાં એનો કોઈ ઈલાજ ન થયો. તેના માબાપ તો મૂંઝાણાં. દીકરીની જાત અને આવી અપંગતા, જન્મારો કેમ કાઢશે ? દીકરીને એક પગે કાંખ ઘોડી કરાવી આપી. તેના આધારે દીકરી આખો દા'ડો કામ સગડ રહેતી. ખેતીવાળું ખોરડું એટલે વાડી , ખેતર અને ઘર વચ્ચે અમરત આંટા ફેરા કર્યા કરતી. ઘરે બે ચાર ઢોરઢાંખર ખરાં. એટલે એનું ય કામ કરે ખરી. ઢોરનું વાસીદું , ફળિયુ વાળવું, રસોઈ બનાવવી અને ક્યારેક તો પાડોસણ ભેળી ગામને કૂવે પાણી ભરવાયે જાતી. આમને આમ દિવસો પસાર થતા ગયા. સમયને જાતા ક્યાં વાર લાગે છે ? તે અઢાર વર્ષની થઈ. ને એની નાતમાં એક ગામડે ખેડૂત એવા બીજવર ને ત્યાં એનું પાણી ગ્રહણ થઈ ગયું. સાસરે આવી પણ ત્યાં તો ટૂંકી ખેતી. આગલા ઘરનાં બે સંતાનો અને સાસુ-સસરા એમ સૌની સેવા કરવા એણે તો કમર કસી લીધી. પોતાના ધણી ભેળી ખેતરે ખેડકામમાં મદદરૂપ થાય. ઘરનું સઘળું કામ કરે. શેરી-બજારને જાતે બનાવેલા ઊભા સાવરણેથી વાળી કરી અને ગામને કૂવેથી દિ' ઊગે ત્યાં તો ચાર પાંચ હેલ પાણી ભરી લે.

ગામ આખાને નવાઈ લાગે કે એક કાંખ ઘોડીને ટેકે અને માથે ભરેલી હેલ લઈને કૂવેથી આ બાઈ ચાર પાંચ ફેરા મારે છે. ઈ કઠણ કાળજાની તો કહેવાય હો ! બે પાંચ વર્ષમાં એને ત્યાં બે સંતાનો થયાં. મોંઘવારી વધતી



ગઈ. ઘરખેડમાં કાંઈ ઉપજ નહીં અને આઠ આઠ માણસનું રસોડું, તે ઉપજ વગરનું ખોરડું ડૂલી ગયું. અધૂરાંમાં પૂરું માથે આગલા ઘરની બે દીકરીઓને વળાવવાના પ્રસંગો આવ્યા. ઘરમાં ફૂટી કોડી ન મળે ! ટૂંકી ખેતીની જમીન ધીરધારમાં માંડી દીધી ને સાટે વ્યાજવટે પૈસા લીધાં. હવે આજીવિકાનું સાધન શું !

અમરતે પોતાના પરિવાર સાથે બાપને ઘરે જઈને ખેતીમાં ભાગ રાખ્યો. એનો ધણી કામઢો ખરો તે રાતદી ખેતીના કામ સગડ જ રહે. અમરતે બાપની ખેતીમાં ભાગીદારી કરી. સાસુ-સસરા, પોતાનાં બે સંતાનો અને બે જણાં પોતે, એમ રાત દિવસ જોયા વિના જાત મહેનતે પાંચ વર્ષમાં તો આ ખોરડું બે પાંદડે થઈ ગયું. કરકસર અને કામની ખંતથી ભેગી કરેલી કમાણી, પોતાની જે જમીન વ્યાજે લીધેલાં પૈસામાં માંડી હતી, તે છૂટી થાય એટલા પૈસા ભેગા કરી લીધાં. વતનમાં આવીને જમીન છૂટી કરાવી. બાપના ઘરે ખેતીનો પાકો અનુભવ લીધેલો એટલે પોતાની ટૂંકી જમીનમાં પણ રાત દિવસ જોયા વગર બંને જણાં ખેડવાડમાં મંડી પડ્યાં .

પોતાની ખેતીવાળી જમીનમાં જાતે કૂવો ગાળ્યો. તેમાં બારે મહિના ખૂટે નહીં એટલું સારું પાણી થયું. વર્ષની ત્રણ ઉપજ ; શિયાળું , ઉનાળુ અને ચોમાસું પાક લેવા માંડ્યાં. ઘર માટે દુજણાં ઢોર રાખ્યાં. ખેતી અને પશુપાલનમાં આખું ઘર મથવા લાગ્યું. પરોઢિયે ચૂલો પેટાવીને આખા દિ'ના રોટલા ટીપી નાખતી અમરત દિ' ઊગે ત્યાં ભાતોડિયામાં રોટલી બાંધીને આખા ઘરને ઢોરઢાંખર સહિત વાડી ભેળું કરી દેતી. સૌનું સિરામણ વાડીએ જઈને થાતું. મધ્યાહને સૂરજનારા'ણ માથે આવે ત્યાં લગી આ કુટુંબ ખેડવાડમાં બથોડાં ભરતું અને માલઢોર વાડીના શેઢે ચર્યા કરતાં.

ધોમ ધખતો સૂરજ માથે આવે ત્યારે આખું ઘર વાડીના ઘેઘૂર વડલાના ટાઢા છાંયડે બપોરા કરવા બેસતું. એ છાંયડાના એક છેડે પાણાં ગોઠવીને મંગાળો કરેલો. તેના પર તપેલામાં અમરત ઘરની વાડીમાંથી વીણેલું શાક વઘારે. અર્ધા દિ 'લગી ખેતીકામમાં મહેન કરીને ભૂખ્યાં ડાંસ જેવાં સૌ શાકના વઘારથી જ ધરાઈ જાતાં. ચૂલે સૂકાં રાડાં, ટિટિયા, અડાયાં છાણાંનો તાપ તપેલાની પડખે લબરાકિયાં મારતો શાકને બાફીને છેડવી નાંખવામાં વાર નહોતો લગાડતો. સૌ કૂવેથી વહેતાં પાણીએ હાથપગ ધોઈને સમાનમા થાય ત્યાં તો અમરત રોટલા બાંધેલું ભાતોડિયું કપડું છોડીને દરેકની સામે ગાડાનાં પૈડાં જેવાં બબ્બે બાઢાં મેલી દે. ઈ બાઢાંની વચાળે પડેલા ખાડામાં ફળફળતું શાક અને માટીના દોણામાંથી એક એક છાલિયું જાડી ખજડા જેવી છાશ. આખું કુટુંબ ભેળું બેસીને રોંઢો કરતું જાય અને અલક મલકની વાતો કરતું ધરાઈ ધરાઈને બપોરા કરી લેતું.

માલઢોર પણ ચરાણેથી ધરાઈને બપોરનો વિસામો લેવા અહીં વડલા હેઠે આવી જતાં. વહેતા ધોરિયે પાણી પીધાં પછી શીળી છાંયામાં બેસીને ઢોર ચરેલું બધું વાગોળતાં ત્યારે અમરત પણ તેની સામે જોઈને બેઠી બેઠી પોતાનું જીવન વાગોળતી. કુટુંબના બાકીનાં બધાં એ છાંયડે જ લંબાવતાં.

અમરતનાં છોકરાંઓ મોટાં થયાં. એટલે કામ ધંધે માબાપની પડખે ઊભાં રહી ગયાં. દિવસો વિતતા ગયા. વૃદ્ધાવસ્થાએ પહોંચતા સુધીમાં તો અમરતે પોતાનાં બંને સંતાનોને વરાવી દીધાં.ગામ આખાને અમરતની અમીરાત, તેની અપંગતા સામે મનની અડગતા અને ખોરડાને બે પાંદડે કરવામાં એણે વાપરેલી કોઠાસૂઝના વખાણ કર્યા વિના છૂટકો નહોતો. ભાગ્યે જ કોઈ ઓરતમાં આવી ધગશ, કુટુંબ ભાવના, સ્વાશ્રય અને સ્વાવલંબીપણું જોવા મળે !

અમરતને જીવનમાં ક્યારેય પોતાના દેહની અપંગતા ખટકી નથી. એનું મન મજબૂત છે. એનું કાળજું કઠણ છે. અપંગ હોવા છતાં એને સાસરું મળ્યું એનું કારણ તો એના જેની સાથે લગ્ન થયા એ પુરુષના પહેલાં પત્ની બે નાનેરાં સંતાનો મેલીને અવસાન પામેલાં ને સાસુ-સસરાની ઉંમર ! આવી પરિસ્થિતિમાં ઘરસંસાર ચાલે એમ માનીને અમરતને આ ખોરડે લીધેલી. અહીં આવીને અમરતે તો પોતાની કુનેહથી આ ખોરડાને ઉજળું કરી બતાવ્યું.

# જાપાનની ચંદ્ર પર બુલેટ ટ્રેન દોડાવવાની તૈયારી !

## પૃથ્વીથી મંગળ સુધી કનેક્ટિવિટી સ્થાપિત કરવામાં આવશે !!

જો આવનારા થોડા વર્ષો કે દાયકાઓમાં ચંદ્ર પર મનુષ્યો માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવે અને ત્યાંથી અવકાશમાં સંશોધનની ગતિવિધિઓ થવા લાગે તો તેમાં નવાઈ પામવા જેવું નથી. નાસા ચંદ્રનો આધાર તરીકે ઉપયોગ કેવી રીતે કરી શકાય તેની સંભાવના પર કામ કરી રહી છે. માનવ અવકાશના રહસ્યો જાણવા માટે ઉત્સુક છે. અને તે અવકાશના રહસ્યો જાણવાની ઇચ્છા હતી, જે માણસને ચંદ્ર પર લઈ ગઈ પરંતુ મનુષ્ય ચંદ્ર પર પહોંચી ગયો હોવા છતાં આજે પણ ચંદ્ર પ્રત્યે વૈજ્ઞાનિકોની રુચિ ઓછી થઈ નથી.

ચંદ્ર અવકાશ સંશોધનમાં એટલો ખાસ બનવા જઈ રહ્યો છે કે હવે વૈજ્ઞાનિકો ત્યાં બેઝ બનાવવાની તૈયારી કરી રહ્યા છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ આ માટે સંપૂર્ણ પ્લાન તૈયાર કર્યો છે.બ્રિટીશ અવકાશ વૈજ્ઞાનિક ડો. મેગી એડેરિન-પોકોકે ચંદ્ર પરના આધારના મહત્વ તેમજ નાસાના આર્ટેમિસ પ્રોજેક્ટ અને ચંદ્ર પર બેઝ માટેની યોજનાઓ વિશે વિગતવાર વર્ણન કર્યું છે.

સૌરમંડળમાં પૃથ્વીની સૌથી નજીક જો ચંદ્ર છે. વાસ્તવમાં જો કોઈ મિશનને સૌરમંડળના બીજા ભાગમાં મોકલવાનું હોય તો તેનું અંતર ઘણું વધી જશે, આવી સ્થિતિમાં મિશનની સફળતાની સૌથી સારી આશા એ હશે કે પૃથ્વી પરથી સીધા જવાને બદલે, વચ્ચે એક આધાર હોવો જોઈએ જ્યાંથી મિશન શરૂ કરી શકાય છે. લોન્ચ કરી શકાય છે અને ત્યાં સુરક્ષિત રીતે પરત આવી શકે આ કાર્ય માટે ચંદ્રથી શ્રેષ્ઠ કોઈ સ્થાન નથી. આ જ કારણ છે કે નાસાને ફરી એકવાર ચંદ્રમાં રસ જાગ્યો છે.

નાસા આર્ટેમિસ મિશન દ્વારા ૫૦ વર્ષમાં પ્રથમ વખત ચંદ્ર પર લોકોને મોકલી રહ્યું છે.ડો. મેગી એડરિન પોકોકે જણાવ્યું હતું કે "નાસાનું આર્ટેમિસ મિશન મનુષ્યોને ચંદ્ર પર મોકલી રહ્યું છે, પરંતુ તેનો વાસ્તવિક હેતુ ચંદ્રનો સ્ટેજીંગ પોસ્ટ તરીકે ઉપયોગ કરવાનો છે." નાસાએ પોતે કહ્યું છે કે આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય એ સમજવાનો પ્રયત્ન કરવામાં આવશે કે મનુષ્ય પૃથ્વીની બહાર કેવી રીતે રહી શકે છે અને આ વિશાળ વાદળી ગ્રહથી દૂર માનવ વસવાટ કેવી રીતે સ્થાપિત કરી શકાય છે.

કરંટ ટોપિક

"ચંદ્ર પૃથ્વી કરતાં નાનો હોવાથી તેનું ગુરુત્વાકર્ષણ ઓછું છે.આવી સ્થિતિમાં, ચંદ્ર પરથી પ્રક્ષેપણ સરળ બને છે અને તેની સાથે આપણે મંગળ જેવા સ્થળોને જોવાનું શરૂ કરી શકીએ છીએ.

એડરિને વધુમાં કહ્યું, કે"આ ૩૦, ૪૦ કે ૫૦ વર્ષ વિશેની વાત છે. પછી લોકો ચંદ્ર પર માનવ આધાર રાખવા અને વાસ્તવમાં ચંદ્ર પર રોકેટ બનાવવા અને ઓછા ગુરુત્વાકર્ષણને કારણે તેમને ચંદ્ર પરથી લોન્ચ કરવા વિશે વિચારી રહ્યા છે.વૈજ્ઞાનિકો આ દલીલનો ઉપયોગ એવા લોકોને જવાબ આપવા માટે કરે છે જેઓ કહે છે કે ચંદ્ર પર આધાર બનાવવાને બદલે આપણે પૃથ્વીથી સીધા મંગળ પર મિશન મોકલવા જોઈએ.નાસાએ કહ્યું કે આર્ટેમિસ મિશન સાથે, અમે વૈજ્ઞાનિક શોધ અને તકનીકી પ્રગતિ માટે ચંદ્રની શોધ કરી રહ્યા છીએ અને મંગળ પર માનવ મિશનની તૈયારી કરતી વખતે અન્ય વિશ્વમાં કેવી રીતે જીવવું અને કામ કરવું તે શીખીશું.

બીજી તરફ જાપાનના વૈજ્ઞાનિકોએ ચંદ્ર પર બુલેટ ટ્રેન દોડાવવાની યોજના બનાવી છે.સાથે જ તેના નિર્માણ પછી, ચંદ્ર પર માનવ વસાહત સાથે, મંગળ અને પૃથ્વી વચ્ચેની કનેક્ટિવિટી પણ શરૂ થવાની અપેક્ષા છે.ત્યારે વૈજ્ઞાનિકોનું માનવું છે કે તેનો પહેલો પ્રોટોટાઈપ ૨૦૫૦ સુધીમાં તૈયાર થઈ જશે.જ્યારે પૃથ્વી ઉપરથી પ્રથમ માણસે પૃથ્વી છોડી અને ચંદ્ર પર પગ મૂક્યો, ત્યારે તેને માનવતા માટે એક મહાન છલાંગ કહેવામાં આવી છે.આજે એ ઘટનાને ૫૦ વર્ષથી વધુ સમય થઈ ગયો છે અને હવે માણસ ચંદ્ર પર વસાહત સ્થાપવાની તૈયારી કરી રહ્યો છે.કદાચ ટૂંક સમયમાં એવો દિવસ આવશે જ્યારે ચંદ્ર પર માનવ વસાહત સ્થાપિત થઈ શકશે અને મનુષ્ય ત્યાં રહેવાનું શરૂ કરશે. વૈજ્ઞાનિકો આ આયોજનમાં વ્યસ્ત છે, આ દરમિયાન જાપાનના વૈજ્ઞાનિકોએ ચંદ્ર પર બુલેટ ટ્રેન દોડાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જાપાનની ક્યોટો યુનિવર્સિટીના સંશોધકોએ ૨૦૨૨ માં જાહેરાત કરી હતી કે તેઓ પૃથ્વીને ચંદ્ર અને મંગળ સાથે જોડતી ટ્રેન બનાવવાની યોજના પર કાજીમા કન્સ્ટ્રક્શન સાથે કામ કરી રહ્યા છે. આ સાથે પૃથ્વીની બહાર લોકોને સ્થાયી કરવા માટે કૃત્રિમ આવાસ બનાવવાની પણ યોજના છે.ત્યારે ચાલો જાણીએ કે પૃથ્વીને બીજા ગ્રહ સાથે જોડતી આ ટ્રેન કેવી રીતે બનાવવામાં આવશે.અને વૈજ્ઞાનિકોએ તેના પર શું કામ શરૂ કર્યું છે.

તો આ બધું વિજ્ઞાનની કલ્પના જેવું લાગે છે પરંતુ સત્ય એ છે કે જાપાનના સંશોધકોએ તેના માટે જીવંત નિવાસ સ્થાનનું આયોજન શરૂ કરી દીધું છે.આ એક શંકુ આકારની ઇમારત હશે જેમાં પૃથ્વીની જેમ ગુરુત્વાકર્ષણ અને વાતાવરણ સર્જાશે.વૈજ્ઞાનિકોએ આ ઈમારતને ગ્લાસ નામ આપ્યું છે, જેનું માળખું માનવ શરીરને ઓછી ગુરુત્વાકર્ષણ અને શૂન્ય ગુરુત્વાકર્ષણ સ્થિતિમાં નબળા પડવાથી બચાવશે.તેમાં કૃત્રિમ ગુરુત્વાકર્ષણની સાથે પૃથ્વી જેવી સુવિધાઓ હશે, જેમાં એક ગ્રહથી બીજા ગ્રહ પર જવા માટે પરિવહન, હરિયાળી અને પાણી પણ હશે. તો કાજીમા કન્સ્ટ્રક્શને આ બિલ્ડિંગનું વર્ચ્યુઅલ બાંધકામ પણ રજૂ કર્યું છે, અને તેની સંપૂર્ણ યોજના દર્શાવી છે.

સરળ શબ્દોમાં કહીએ તો, તે એક ઊંધો શંકુ છે જે પૃથ્વીની જેમ જ સતત ફરતો રહેશે. પરિભ્રમણને કારણે, તેના કેન્દ્રમાં એક ખેંચાણ સર્જાશે, જેના કારણે તેની અંદર પૃથ્વી જેવું ગુરુત્વાકર્ષણ અનુભવાશે.સંશોધકોને આશા છે કે ૨૦૫૦ સુધીમાં ૧૩૦૦ ફૂટ ઉંચો અને ૩૨૮ ફૂટ વ્યાસનો પ્રોટોટાઈપ તૈયાર થઈ જશે.જો કે, તેના અંતિમ પ્રકારને બનાવવામાં અને કાર્યરત થવામાં એક સદી લાગી શકે છે.

# અમેરિકાની સૌથી મોટી પુલ દુર્ઘટના

**અમેરિકામાં એક માલ વાહક જહાજ જેને અમેરિકાનું ગૌરવ કહી શકાય તેવા પુલ સાથે ભયાનક ધડાકા સાથે ટકરાતા પુલ ધરાશાઈ એ થયો હતો**



અમેરિકામાં એક ઐતિહાસિક ગણાય તેવા પુલ સાથે ૯૪૮ ફૂટ લાંબું કંટેનર જહાજ પુલ સાથે ટકરાતા ભયાનક દુર્ઘટના બની હતી જોકે મોરબીના પુલ દુર્ઘટનામાં મૃત્યુ આંક ઊંચો હતો પરંતુ અમેરિકા નો આ પુલ આર્થિક દ્રષ્ટિએ મહત્વનો હોવાથી તેને વિશ્વ કક્ષાએ વધુ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે કારણ કે તે અર્થતંત્ર ઉપર ખૂબ મોટી અસર પાડે તેમ છે આ વર્ષો જૂનો પુલ નિર્માણ કરવામાં વર્ષોના વર્ષો નીકળી જાય તેમ છે આથી આ ઘટનાને આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વ આપવામાં આવ્યું છે પુલ સાથે ટકરાવાની ઘણી ઘટનાઓ બની છે પણ આ ઘટના સૌથી વધુ પ્રસિદ્ધ પામી છે

આ બાલ્ટીમોર હાર્બરથી શ્રીલંકાની ૨૭ દિવસની યાત્રાની શરૂઆત હતી. બંદર છોડ્યા બાદ જહાજ આગળ વધ્યું અને તે બાલ્ટીમોરના પ્રતીક એવા ફ્રાંસિસ સ્કોટના બ્રિજ તરફ જઈ રહ્યું હતું. અડધી રાતનો સમય હતો. જહાજની લાઇટો અચાનક બંધ થઈ ગઈ, જેના કારણે ચાલક દળના સભ્યો અંધારામાં જ રહી ગયા. જહાજમાં ઇલેક્ટ્રોનિક્સ સાધનો કામ કરતાં નહોતાં, મશીન ખરાબ થઈ ગયાં હતાં. જહાજ પર હાજર લોકોએ દરેક શક્ય કોશિશ કરી. પણ દુર્ઘટના થતી રોકી ન શકાઈ.જહાજના નાવિકોને સમજાતું નહોતું કે શું કરીએ

અમેરિકાના બાલ્ટીમોર શહેરમાં એક પુલ ધરાશાયી થયા બાદ નદીમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જણાવવામાં આવી રહ્યું છે કે અત્યાર સુધીમાં અમુક લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જેમાંથી એકની હાલત ગંભીર છે. નદીમાં ૫-૭ લોકોની શોધ કરવામાં આવી રહી છે. સિંગાપોરના ધ્વજવાળા કાર્ગો જહાજ તેની સાથે અથડાયા બાદ મંગળવારે વહેલી સવારે પુલ તૂટી પડ્યો હતો.

આસપાસ ચોપાસ - સરેશ ભટ્ટ

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગ્રેસ ઓશન દ્વારા નોંધાયેલ ડાલી જહાજ સિનર્જી મરીન દ્વારા સંચાલિત છે. સિનર્જી મરીન કોર્પે જણાવ્યું હતું કે જહાજ ડાલી બ્રિજના થાંભલા સાથે અથડાયું હતું. કંપનીએ કહ્યું કે આ દુર્ઘટનામાં જહાજમા કોઈ જાનહાનિ થઈ નથી અને જહાજમાં સવાર તમામ ક્રૂ મેમ્બર ભારતીય હતા. સમસ્યાનું સમાધાન કરવા અને જહાજ પર નિયંત્રણને પાછું લેવાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. ચાલક દળે અનેક પ્રયત્નો કર્યા પછી એલાર્મ વાગવા લાગ્યા.જહાજ પર સવાર એક નાવિકે હેલ્સમેને પરેશાન થઈને ચાલક દળને કહ્યું કે જહાજને બંદર તરફ વાળી દેવામાં આવે અને જહાજને બ્રિજ તરફ વધતું રોકવા માટે તેને લાંગરવામાં આવે.

જોકે માનવામાં આવે છે કે આપાતકાલીન જનરેટર શરૂ કરવામાં આવ્યું હતું પરંતુ જહાજનું એન્જિન ચાલુ થયુ નહોતુ.પાઇલટો પાસે કોઈ વિકલ્પ નહોતો બચ્યો. સ્થાનિક સમય અનુસાર બપોરે ૧.૩૦ વાગ્યા પહેલાં તેમણે મે ડેનો આખરી કોલ આપ્યો. તેમણે ચેતવણી આપી કે જહાજ અથડાવાનું છે.થોડી વાર પછી મેરીલેન્ડ ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટીના એક અધિકારીને રેડિયો ટ્રાફિક પર કહેતા સાંભળી શકાય છે કે, "એક જહાજ આવી રહ્યું છે અને તેણે સુકાન પર નિયંત્રણ ગુમાવી દીધું છે."

બાલ્ટીમોર બ્રિજને લોકો "કી બ્રિજ"ના નામથી ઓળખે છે. વર્ષ ૧૯૭૭માં આ પુલને લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પુલને ૧૯મી સદીમાં થયેલા અમેરિકન કવિ ફ્રાંસિસ સ્કોટનું નામ આપવામા આવ્યું હતું.

કવિ ફ્રાંસિસ સ્કોટ અમેરિકાના રાષ્ટ્ર ગીત "સ્ટાર સ્પૈંગલ્ડ બેનર"ના રચયિતા છે.આ બ્રિજ ૨૬૩૨ મીટર લાંબો હતો જે પટાપ્સકો નદીના બીજા કિનારે આવેલા બાલ્ટીમોર બંદરગાહને જોડતો હતો. અને આ નદી આ સ્થળે સમુદ્રમાં ભળી જાય છે.આ દુર્ઘટનાના વીડિયોમાં જોઈ શકાય છે કે કંટેનર શિપ ડાલી જ્યારે બ્રિજના એક સ્તંભ સાથે અથડાય થાય છે ત્યાર પછી બ્રિજ ધરાશાયી થાય છે. સિંગાપુરમાં નોંધાયેલ આ જહાજ ગ્રીસની કંપની ઓશનબલ્ક માટે દક્ષિણ કોરિયામાં બનાવવામાં આવ્યું છે.આ સમયે આ જહાજને સિનર્જિ ગ્રૂપ ચલાવી રહ્યું છે જે આવા જહાજોને ભાડે લે છે.

શિપિંગ ક્ષેત્રની મોટી કંપની મર્સ્કએ કહ્યું કે આ જહાજમાં તેમના કાર્ગો પણ હતા. આ જહાજ મંગળવારે સવારે બાલ્ટીમોરના સીગર્ટ મરીન ટર્મિનલથી શ્રીલંકા જવા માટે રવાના થયું હતું.

ગવર્નર મૂરે કહ્યું કે બ્રિજ તરફ આગળ વધતા સમયે જહાજની ગતિમાં આવેલી ઝડપને નોંધી શકાય છે. મરીન ટ્રાફિકના ડેટા પ્રમાણે જહાજે જેવું પોતાના માર્ગથી ભટકવાનું શરૂ કર્યું ત્યારે તેની ગતિ ધીમી થવા લાગી. એકદમ તે જ સમયે જહાજની લાઇટ બંધ થઈ ગઈ અને જહાજના ફનેલમાંથી ધુમાડો નીકળવાનો શરૂ થઈ ગયો અને તેની ગતિ પણ ઓછી થઈ ગઈ. ત્યારપછી આ જહાજ પુલ સાથે અથડાયું. આ દુર્ઘટના એન્જિન કે સ્ટીયરિંગ ખરાબ થવાથી અથવા જનરેટર બળી જવાને કારણે થઈ હશે. બાલ્ટીમોરથી મળી રહેલી જાણકારી મુજબ સૂર્યોદય થતાની સાથે જ સ્પષ્ટ થયું કે અકસ્માત કેટલો મોટો હતો.

આ પુલનો કેટલોક ભાગ હજી પણ પાણીમાં ડુબેલો છે. જહાજ પણ હજી ઘટનાસ્થળે હાજર છે અને આ જહાજ પર અલગ-અલગ રંગોના કંટેનર છે. તાપમાન અત્યંત ઓછું હોવાને કારણે બચાવકર્મીઓને પોતાનું કામ કરવામાં પણ ઘણી તકલીફોનો સામનો કરવો પડ્યો. શ્રીલંકા જઈ રહેલા જહાજનું સંચાલન કરનારી કંપની સિનર્જિ મરીન ગ્રૂપે જાણકારી આપી છે જહાજનું ક્રૂ સંપૂર્ણપણે સુરક્ષિત છે. આ જહાજના ચાલક દળમાં ૨૨ લોકો સામેલ છે જે ભારતીય છે. કંપની તરફથી જાહેર કરવામાં આવેલ પ્રેસનોટ પ્રમાણે જહાજમાંથી કોઈપણ પ્રકારનો પ્રદૂષિત પદાર્થ ઢોળાઈ નથી રહ્યો. આ ઘટનાની તપાસ માટે ક્વોલિફાઇડ ઇન્ડિવિજ્યુઅલ ઇન્સીડેન્ટ રિસ્પોન્સ સર્વિસ શરૂ કરવામાં આવી છે.આવેલી સમસ્યાને પહોંચી વળવાના અને વહાણને નિયંત્રણમાં પાછું લાવવાના પ્રયાસો અસફળ રહ્યા. અનેક પ્રયાસો કરવામાં આવ્યા ત્યારે કેટલાક એલાર્મો વગાડવામાં આવ્યા હતા. હોડી પરના એક સ્થાનિક નાવિકસવારે બેચેનીમાં આદેશ આપ્યો. હેલ્મસમેને ક્રૂને જહાજને બંદર તરફ ફેરવવાનું કહ્યું અને જહાજને પુલ તરફ વહી જતું અટકાવવા માટે લંગર છોડવાનું કહ્યું. જોકે, ઇમરજન્સી જનરેટર શરૂ કરવામાં આવ્યું હતું, તેમ છતાં જહાજ તેના એન્જિનની ક્ષમતા પાછી મેળવી શક્યું નથી. પાઇલટો પાસે કોઈ વિકલ્પ ન હતો. સ્થાનિક સમય મુજબ બપોરે દોઢ વાગ્યાના થોડા સમય પહેલાં છેલ્લો કોલ કર્યો. તેમણે ચેતવણી આપી હતી કે જહાજ અથડાવાનું છે.થોડા સમય બાદ મેરીલેન્ડ ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટીના અધિકારી રેડિયો ટ્રાફિક પર એમ કહેતા સાંભળવા મળે છે કે, "એક જહાજ આવી રહ્યું છે અને તેણે નિયંત્રણ ગુમાવ્યું છે."

તેઓ કહી રહ્યા હતા કે જ્યાં સુધી તમે તેને નિયંત્રિત નહીં કરો ત્યાં સુધી આપણે ટ્રાફિક રોકવો પડશે.આ ઇમરજન્સી કોલ હતો જેના કારણે થયેલી ત્વરિત કાર્યવાહીએ અનેક લોકોની જાન બચાવી.

અધિકારીઓ આવેલા ફોન અને જહાજ અથડાય તેની વચ્ચેની બે મિનિટમાં પુલ પર અવરજવર રોકવા માટે સક્ષમ હતા. પુલ પર કામ કરી રહેલા સડકદળના છ લોકોને મૃત માની લેવામાં આવ્યા છે. સ્થાનિક મીડિયાએ જણાવ્યું હતું કે છ કર્મચારીઓ મેક્સિકો, ગ્વાટેમાલા, હોન્ડુરાસ અને અલ સાલ્વાડોરના નાગરિકો હતા. બીબીસીએ સ્વતંત્રપણે તેની પુષ્ટિ કરી નથી. જહાજના ચાલકદળના તમામ ૨૨ સદસ્યો ભારતીય છે. ભારત વૈશ્વિક સમુદ્રી ઉદ્યોગમાં એક પ્રમુખ ખેલાડી છે.

# ટી ૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની પસંદગી એપ્રિલના છેલ્લા અઠવાડીયે થશે



મુંબઇ,

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝની ધરતી પર યોજાનાર છે. આ વખતે ટી ૨૦ વર્લ્ડ કપમાં ૨૦ ટીમો ભાગ લઈ રહી છે. હાલમાં ભારતમાં આઈપીએલ ખૂબ જ વિસ્ફોટક રીતે રમાઈ રહી છે. ચાહકો દરરોજ રોમાંચક મેચો જોવા મળી રહ્યા છે. ભારતના તમામ ખેલાડીઓ આઈપીએલમાં રમી રહ્યા છે. પરંતુ ટી ૨૦ વર્લ્ડ કપની ટીમની પસંદગી આઈપીએલની મધ્યમાં થવાની છે. આ અંગે એક મોટું અપડેટ સામે આવ્યું છે.

યુ.એસ. અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનાર આગામી ટી ૨૦ વર્લ્ડ કપ માટે ભારતની ૧૫-સભ્ય ટીમની પસંદગી એપ્રિલના છેલ્લા સપ્તાહમાં કરવામાં આવે તેવી શક્યતા છે કારણ કે આઈસીસીની ટીમ સબમિશનની અંતિમ તારીખ ૧ મે છે. ભારતીય ક્રિકેટ બોર્ડના એક સૂત્રએ આ જાણકારી આપી. પરંતુ ટૂર્નામેન્ટમાં ભાગ લેનારી દરેક ટીમને ૨૫ મે સુધી તેમની શરૂઆતની ટીમમાં ખેલાડીઓ બદલવાની તક મળશે.

બીસીસીઆઈના એક વરિષ્ઠ સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ભારતીય ટીમની પસંદગી એપ્રિલના છેલ્લા સપ્તાહ દરમિયાન કરવામાં આવશે અને આ સમય સુધીમાં ઈન્ડિયન પ્રીમિયર લીગનો પહેલો ભાગ પૂરો થઈ જશે જેના દ્વારા રાષ્ટ્રીય પસંદગી સમિતિ મૂલ્યાંકન કરી શકશે. દાવેદારોનું ફોર્મ અને ફિટનેસ. આમ કરવાની સ્થિતિમાં હશે. સૂત્રએ જણાવ્યું હતું કે આઈપીએલનો લીગ સ્ટેજ ૧૯ મેના રોજ પૂરો થતાં જ ક્રિકેટરોની પ્રથમ બેચ ન્યૂયોર્ક જવા રવાના થશે. જે ખેલાડીઓની ટીમો અંતિમ ચાર માટે ક્વોલિફાય ન થઈ હોય તેઓ પણ ગયા વર્ષે ડબલ્યુટીસી ફાઈનલની જેમ વહેલા જશે.

# કેનેડામાં વર્ષનું સૌથી લાંબુ સૂર્યગ્રહણ દેખાશે પછી ૨૦ વર્ષ સુધી આવું દૃશ્ય નહીં દેખાય

ઓટાવા,

કેનેડાનાં ઓન્ટોરિયો રાજ્યના નાયગ્રા વિસ્તારમાં નાયગ્રા ફોલ પાસેના નાયગ્રા શહેરમાં જ ૧૦ લાખથી વધુ લોકો તા. ૮ એપ્રિલે થનારું ખગ્રાસ સૂર્યગ્રહણ જોવા એકઠા થવાના છે અને તે માટે શહેરના મેયર જિમ ડીયોડાટીએ અત્યારથી જ વ્યવસ્થા ગોઠવવી શરૂ કરી દીધી છે. આ પૂર્વે ૧૯૭૯માં આવું સૂર્યગ્રહણ જોવા મળ્યું હતું. બીજી તરફથી 'નેશનલ જ્યોગ્રોફિક' એના દ્વારા આ



સૂર્યગ્રહણનો વીડીયો ઉતારી તે વર્લ્ડ વાઈડ વેબ ઉપર પ્રસારિત કરવા નિર્ણય કર્યો છે.

આ સૂર્યગ્રહણ જોવા લાખ્ખો લોકો કેનેડા અને યુએસમાંથી તો આવશે જ તે ઉપરાંત દુનિયાભરમાંથી પણ લાખ્ખો આવવાના છે તેમ કહેતા મેયર જિન ડીયોડાટોએ પત્રકારોને પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે તે સર્વવિદિત છે કે સૂર્ય અને પૃથ્વીની વચ્ચે જ્યારે ચંદ્ર આવે છે ત્યારે ગ્રહણ થાય છે. પરંતુ દર વખતે કંઈ સંપૂર્ણ ખગ્રાસ ગ્રહણ થતું નથી. સૂર્યનો થોડો ભાગ જ ઢંકાય છે તો તેને 'ખંડગ્રાસ' સૂર્યગ્રહણ કહેવામાં આવે છે.

# રણબીર કપૂરે તેના પિતા ઋષિ કપૂર દ્વારા મારપીટનો એક રમૂજી કિસ્સો સંભળાવ્યો

મુંબઇ,

ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો ૩૦ માર્ચથી ફ્રીંકફ્લૈંટ પર ૧૯૦ દેશોમાં સ્ટ્રીમ થઈ રહ્યો છે. શોના પહેલા એપિસોડમાં રણબીર કપૂર માતા નીતુ કપૂર અને બહેન રિદ્ધિમા કપૂર સાહની સાથે પહોંચ્યો હતો. આ દરમિયાન સુનીલ ગ્રોવર, કૃષ્ણા અભિષેક અને કીકુ શારદાની કોમેડીએ ચાહકોને હસાવ્યા અને પેટમાં દુ:ખાવો કરાવ્યો. દરમિયાન, રણબીર કપૂરે તેના પિતા ઋષિ કપૂરને પણ યાદ કર્યા અને દિવાળીની પૂજા દરમિયાન તેને કેવી રીતે માર મારવામાં આવ્યો તે અંગે એક કિસ્સો સંભળાવ્યો.

ઋષિ કપૂરના માત્ર એક જ વાર હિટ થયાની કહાની સંભળાવતા રણબીર કપૂરે કહ્યું કે, મને માત્ર એક જ વાર ખૂબ જ હિટ થયો હતો. આરકે સ્ટુડિયોમાં દિવાળી પૂજા. પપ્પા ખૂબ ધાર્મિક હતા. મને લાગે છે કે જ્યારે હું ચપ્પલ પહેરીને મંદિરની અંદર ગયો ત્યારે હું આઠ કે નવ વર્ષનો હતો. તેથી મારે ડુપાલી પહેરવી પડી. ખૂબ જોરથી.

એનિમલ એક્ટરે મજાકમાં એમ પણ કહ્યું કે તે માતા નીતુ કપૂર હતી જે બાળપણમાં અમને સુધારવા માટે મારતી હતી.

# PhonePeએ UAEની Mashreqના NeoPay સાથે કરી ડીલ

## UAEમાં મુસાફરી કરતા PhonePe વપરાશકર્તાઓ હવે Mashreqના NeoPay ટર્મિનલ પર UPIનો ઉપયોગ કરીને ચુકવણી કરી શકશે



યુનાઈટેડ અરબ અમીરાત,

યુનાઈટેડ અરબ અમીરાત (UAE)માં મુસાફરી કરતા PhonePe વપરાશકર્તાઓ હવે Mashreq™k NeoPaઅ ટર્મિનલ પર UPIનો ઉપયોગ કરીને ચુકવણી કરી શકે છે. વોલમાર્ટ ગ્રુપની ડિજિટલ પેમેન્ટ કંપનીએ ગુરુવારે આ જાણકારી આપી હતી. PhonePe એ નિવેદનમાં જણાવ્યું હતું કે યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) દ્વારા વ્યવહારોની સુવિધા આપવામાં આવશે. ખાતામાંથી ડેબિટ ભારતીય રૂપિયામાં થશે, જે ચલણના વિનિમય દરને પ્રતિબિંબિત કરે છે. NEOPAY ટર્મિનલ્સ રિટેલ સ્ટોર્સ, રેસ્ટોરન્ટ્સ તેમજ પ્રવાસી અને વેકેસન મનાવતા સ્થળો પર ઉપલબ્ધ છે. PhonePeના ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ સીઈઓ રિતેશ પાઈએ જણાવ્યું હતું કે, આ ભાગીદારી સાથે, ગ્રાહકો હવે UPI દ્વારા સરળતાથી વ્યવહાર કરી શકશે. "ડિજિટલ ચૂકવણીને સક્ષમ કરવું એ માત્ર સુવિધા માટે ફોનપેની પ્રતિબદ્ધતાને જ પ્રતિબિંબિત કરતું નથી, પરંતુ આજના પ્રવાસીઓની વિકસતી જરૂરિયાતોને પણ પૂર્ણ કરે છે.

# શાહીન આફ્રિદી પાકિસ્તાની ટીમનું સુકાની પદ છોડવાનું વિચારી રહ્યો છે

ઈસ્લામાબાદ,


છેલ્લા કેટલાક દિવસોથી પાકિસ્તાન ક્રિકેટમાં સતત ચર્ચા ચાલી રહી છે કે બોર્ડ ફરી એકવાર બાબર આઝમને પાકિસ્તાન ટીમનો કેપ્ટન બનાવી શકે છે. ભારતમાં આયોજિત આઈસીસી વનડે વર્લ્ડ કપમાં ટીમના ખરાબ પ્રદર્શન બાદ બાબરે ટીમની કેપ્ટનશીપ છોડવાનો નિર્ણય લીધો હતો. આ પછી શાહીન શાહ આફ્રિદીને ટી ૨૦ ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. પરંતુ તેના નેતૃત્વમાં પાકિસ્તાની ટીમે ખરાબ પ્રદર્શન કર્યું હતું, ત્યારબાદ આ વર્ષે જૂનમાં આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપનું આયોજન થવાનું છે તેને ધ્યાનમાં રાખીને બાબરને ફરીથી કેપ્ટન બનાવવાની ચર્ચા ચાલી રહી છે.

જો કે પાકિસ્તાનની ટી ૨૦ ટીમનો વર્તમાન કેપ્ટન આનાથી ખુશ નથી અને ટી ૨૦ ટીમની કેપ્ટનશીપ છોડવાનું વિચારી રહ્યો છે. પાકિસ્તાન ક્રિકેટ અને ટી-૨૦ કેપ્ટન તરીકે પોતાના ભવિષ્ય સાથે જોડાયેલી ચર્ચાઓમાં સામેલ ન થવાથી નિરાશ ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદી સુકાની પદ છોડવાનું વિચારી રહ્યો છે. શાહીનના નજીકના એક જાણકાર સૂત્રએ જણાવ્યું હતું કે બોલર એ વાતથી નારાજ છે.

# બાઈડને તેમના કાર્યકાળ દરમિયાન પ્રથમ વખત પાકિસ્તાનના રાષ્ટ્રપતિને લખ્યો પત્ર

વોશિંગ્ટન,

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને તેમના કાર્યકાળ દરમિયાન પહેલીવાર પાકિસ્તાનના રાષ્ટ્રપતિને પત્ર લખ્યો છે. ૨૦૧૮માં અધ્યક્ષ બન્યા બાદ બિડેને પાકિસ્તાનના કોઈપણ પીએમ સાથે વાત કરી ન હતી. શાહબાઝ શરીફને લખેલા પોતાના પત્રમાં બિડેને કહ્યું હતું કે અમેરિકા અને પાકિસ્તાન વચ્ચેની ભાગીદારી આપણા લોકો અને વિશ્વભરના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે.



પાકિસ્તાનમાં વધી રહેલા સંકટ પર, અમેરિકી રાષ્ટ્રપતિએ ઈસ્લામાબાદને ખાતરી આપી કે તેઓ આતંકવાદના ખતરાનો સામનો કરવા માટે તેની સાથે અને શહેબાઝ શરીફની આગેવાનીવાળી સરકાર સાથે કામ કરવાનું ચાલુ રાખશે. ઈસ્લામાબાદમાં યુએસ એમ્બેસીના જણાવ્યા અનુસાર, પત્રમાં કહેવામાં આવ્યું છે કે, અમારા લોકો અને વિશ્વભરના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અમારા બંને દેશો વચ્ચે કાયમી ભાગીદારી મહત્વપૂર્ણ છે અને યુનાઈટેડ સ્ટેટ્સ વૈશ્વિક અને પ્રાદેશિક પડકારોનો સામનો કરવા માટે પાકિસ્તાનના પ્રયાસો માટે પ્રતિબદ્ધ છે.

# 'મિર્ઝાપુર ૩' જૂન-જુલાઈની આસપાસ રિલીઝ થશે : રિતેશ સિધવાણી

મુંબઈ,


પ્લેટફોર્મ પ્રાઈમ વિડિયોએ થોડા સમય પહેલા આ વર્ષે રિલીઝ થનારી ઘણી ફિલ્મો અને સિરીઝની યાદી જાહેર કરી હતી. તે યાદીમાં 'મિર્ઝાપુર ૩'નું એક નામ પણ હતું. પહેલાથી જ માનવામાં આવી રહ્યું હતું કે 'મિર્ઝાપુર ૩' વર્ષ ૨૦૨૪માં રિલીઝ થશે. જો કે, જ્યારે લિસ્ટ બહાર આવ્યું ત્યારે તેની પુષ્ટિ થઈ ગઈ અને તે સ્પષ્ટ થઈ ગયું કે આ સિરીઝ આ વર્ષે જ જોવા મળશે. જો કે તે કેટલા સમય માટે દેખાશે તે જણાવવામાં આવ્યું નથી. પરંતુ, હવે નિર્માતા રિતેશ સિધવાનીએ આ અંગે એક મોટી માહિતી શેર કરી છે. એક ઈન્ટરવ્યુમાં રિતેશે કહ્યું, "તે આપણા હાથમાં નથી, પરંતુ પ્રાઈમ વીડિયોના હાથમાં છે. પરંતુ મને લાગે છે કે તે જૂન-જુલાઈની આસપાસ રિલીઝ થશે. રિતેશની વાત પરથી કોઈ ફાઈનલ ડેટ જાણવા મળી ન હતી, પરંતુ ખબર છે કે 'મિર્ઝાપુર ૩' આગામી ત્રણ-ચાર મહિનામાં જોવા મળી શકે છે. જોકે, હાલમાં સત્તાવાર જાહેરાતની રાહ જોવાઈ રહી છે. તેની જાહેરાત ક્યારે થશે તે જોવું રહ્યું. જ્યારે પ્રાઈમ વિડિયોએ આગામી ફિલ્મો અને શ્રેણીની યાદી બહાર પાડી ત્યારે 'મિર્ઝાપુર'ની આખી સ્ટાર કાસ્ટ તે કાર્યક્રમમાં હાજર હતી.

# દંગલ : ફોગાટ ફેમિલીને માત્ર ૮૦ લાખ અને આમિરને રૂ.૩૭૫ કરોડની આવક

મુંબઇ

બોલિવૂડની યાદગાર બ્લોક બસ્ટર ફિલ્મોની યાદી 'દંગલ' વગર અધૂરી રહે છે. આમિર ખાનનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મ ફોગાટ સિસ્ટર્સના જીવન આધારિત હતી. ફોગાટ સિસ્ટર્સે કુસ્તીમાં આંતરરાષ્ટ્રીય નામના મેળવી હતી. તેમના જીવન પરથી બનેલી 'દંગલ' ડિસેમ્બર ૨૦૧૬માં રિલીઝ થઈ હતી. ભારતીય બોક્સઓફિસ પર આ ફિલ્મને રૂ.૩૮૭.૩૯ કરોડનું કલેક્શન મળ્યું હતું. તેનું ઓવરસીઝ કલેક્શન રૂ.૧૪૩૫ કરોડ હતું.

એકંદરે રૂ.૧૯૭૦ કરોડનું કલેક્શન મેળવનારી પહેલી બોલિવૂડ ફિલ્મ 'દંગલ' છે. તેના પછી શાહરૂખ ખાનની ફિલ્મ જવાનનો નંબર આવે છે, જેને રૂ.૧૧૬૩ કરોડની આવક મળી હતી.



# અભિનેત્રી સોનારિકા ભદૌરિયા તેના અંગત જીવનના કારણે ચર્ચામાં આવી

## અભિનેત્રી સોનારિકા ભદૌરિયાએ પોસ્ટ શેર કરી : અભિનેત્રીની પોસ્ટ જોઈ ફેન્સ ચોંકી ગયા



મુંબઈ,

ટીવી સીરીયલ 'દેવોં કે દેવ મહાદેવ'ની અભિનેત્રી સોનારિકા ભદૌરિયા, પાર્વતી છેલ્લા કેટલાક દિવસોથી પોતાના અંગત જીવનના કારણે ચર્ચામાં છે. હોળીના દિવસે અભિનેત્રી તેના પતિ વિકાસના ચરણ સ્પર્શ કરીને ગુલાલ લગાવતી જોવા મળી હતી. પછી ચાહકોએ અનુમાન કર્યું કે અભિનેત્રી તેના અંગત જીવનમાં ખુશ છે. પરંતુ સોશિયલ મીડિયા પર દેખાતી દરેક વસ્તુ સાચી નથી હોતી, હવે અભિનેત્રીએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર કંઈક એવું લખ્યું છે, જેનાથી ફેન્સ ચોંકી ગયા છે. હાલમાં અભિનેત્રીની પોસ્ટની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે. સોનારિકાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ઈમોશનલ પોસ્ટ શેર કરી છે. અભિનેત્રીએ કહ્યું, 'કંઈ સારું થતું નથી. જે પણ હોય તે તમારે જાતે જ કરવું પડશેપ મારા પર વિશ્વાસ કરો સારી વસ્તુઓ ક્યારેય આસાન નથી આવતી. જરૂરી નથી કે જે વસ્તુઓ સરળતાથી થાય છે તે યોગ્ય જ હોય ??છે.' અભિનેત્રીની આવી પોસ્ટ પછી ફેન્સ પણ ચોંકી ગયા છે.

# ઠિંગુજી જો પર્વતની ટોચે પહોંચે તો પણ ઠિંગુજી જ રહેવાનો' દિગ્ગજ ક્રિકેટરનો પંડ્યા પર કટાક્ષ

મુંબઇ,

તેના કડવા શબ્દમાં સત અભિપ્રાય માટે જાણીતા પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુએ આઈપીએલમાં હિન્દી કોમેન્ટેટર તરીકે પુનરાગમન કર્યું અને આવતા સાથે જ મુંબઈ ઈન્ડિયન્સના રોહિત શર્મા અને કેપ્ટન હાર્દિક પંડ્યા વચ્ચેના કથિત ગજગ્રાહ માટે તેની આગવી શૈલીમાં જણાવ્યું હતું કે ભારતના વર્તમાન કેપ્ટન અને મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટન રોહિત શર્માને હટાવીને તેના સ્થાને હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવાયો છે. તેનાથી રોહિતના ચાહકોમાં ભારે નારાજગી અને રોષ જોવા મળી રહ્યો છે પણ અંગત રીતે હું માનું છું કે એક સીનીયર ક્રિકેટર જૂનિયર ક્રિકેટરના હાથ નીચે મેનેજમેન્ટની બદલાવની દ્રષ્ટિ સાથે રમે તો તેમાં કોઈ વાંધો ન હોવો જોઈએ. રોહિત શર્મા હાર્દિક પંડ્યાના હાથ નીચે રમે તો પણ તેમાં રોહિત શર્મા ક્રિકેટ વિશ્વમાં એક ખેલાડી અને કેપ્ટન તરીકે કાયમ મહાન જ રહેશે. કોઈ ક્રિકેટર કેપ્ટન બનવાથી ટીમના અન્ય શ્રેષ્ઠ ખેલાડી કરતા મોટો બની જ શકતો નથી. ખેલાડી તેની કારકિર્દી અને પ્રદાનથી યાદ રખાતો હોય છે.

નવજોત સિંહ સિદ્ધુએ ઉમેર્યું કે અમારા જ અરસા દરમિયાન એવું જોવા મળ્યું હતું કે કપિલદેવ, વેંગસરકર, ગાવસ્કર, શ્રીકાંત અને શાસ્ત્રી ભારતની ટીમના કેપ્ટન રહી ચુકેલા પાંચ ખેલાડીઓ એક જ ટીમમાં હતા છતાં સુમેળ જોવા મળતો. આજે તે ખેલાડીઓ કેપ્ટન હતા એટલે નહીં પણ ક્રિકેટની તેમની પ્રતિભા અને પ્રદાનથી યાદ રખાય છે. નવજોત સિદ્ધુએ તે પછી બેધડક કહી દીધું કે જે ઠિંગુજી છે તેને તમે પર્વતની ઉંચાઈએ મુકી દો તો પણ તે ઠિંગુજી જ રહેતો હોય છે અને જે સૂર્ય જેવો તેજસ્વી હોય છે તેને ઉંડી ખીણમાં કે કૂવામાં ધકેલી દો તો પણ તે સૂર્ય જ રહે છે.




# નો એન્ટ્રી 2: ન સલમાન, ન ફરદીન, નવા કલાકારોની ત્રિપુટી સિક્વલમાં જોવા મળશે

મુંબઇ,

૧૯ વર્ષ પછી આખરે નો એન્ટ્રીની સિક્વલ આવી રહી છે. ૨૦૦૫માં રિલીઝ થયેલી ફિલ્મ નો એન્ટ્રીને કલ્ટ ફિલ્મ ગણવામાં આવે છે. ફિલ્મની વાર્તા, સંવાદ, ગીતો અને કાસ્ટિંગ એટલું શાનદાર હતું કે ફિલ્મે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. હવે મેકર્સ તેની સિક્વલ લાવવા જઈ રહ્યા છે પરંતુ નવી સ્ટાર કાસ્ટ સાથે. વર્ષ ૨૦૦૫માં, પીઢ ફિલ્મ નિર્માતા અનીસ બઝમી તમિલ ફિલ્મ ચાર્લી ચૅપ્લિન (ચાર્લી ચૅપ્લિન, ૨૦૦૨)ની હિન્દી રિમેક 'નો એન્ટ્રી' લાવ્યા. ભાગ્યે જ કોઈએ અનુમાન કર્યું હશે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ સિસ્ટમને હચમચાવી નાખશે.

અનીસ બઝમી દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં સલમાન ખાન (પ્રેમ), અનિલ કપૂર (કિશન) અને ફરદીન ખાન (સની) એ મહત્વની ભૂમિકાઓ ભજવી હતી . ફિલ્મની વાર્તા આ ત્રણ બેસ્ટ ફ્રેન્ડ પર આધારિત હતી. આ ફિલ્મમાં, બિપાશા બાસુ, એશા દેઓલ, સેલિના જેટલી, લારા દત્તા, બોમન ઈરાની, સમીરા રેડ્ડી અને નીતા શેટ્ટી જેવા ઘણા તેજસ્વી કલાકારોની જોડીએ પ્રેક્ષકોને તેમની રમૂજથી મોટેથી હસાવ્યા હતા.

૨૦૦૫માં 'નો એન્ટ્રી'એ સારો બિઝનેસ કર્યો હતો. તે વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાંની એક હતી. આ ફિલ્મની કમાણી લગભગ ૯૫ કરોડ હતી. નો એન્ટ્રીની આવી જબરદસ્ત સફળતા બાદ લોકો સિક્વલ માટે બેતાબ છે. આ ફિલ્મની સિક્વલની ચર્ચા ઘણા સમયથી ચાલી રહી છે. હવે નિર્માતાઓએ પોતે જ કાસ્ટનો ખુલાસો કર્યો છે.

થોડા મહિના પહેલા સમાચાર આવ્યા હતા કે નો એન્ટ્રી ૨ ની કાસ્ટ બદલવામાં આવી છે. નવી કાસ્ટ સાથે સિક્વલ તૈયાર કરવામાં આવશે. પછી એવી ચર્ચા હતી કે જે સલમાન ખાનનું સ્થાન લેશે તે બીજું કોઈ નહીં પણ 'જુડવા ૨' એક્ટર વરુણ ધવન છે . તે સમયે દિલજીત દોસાંજનું નામ પણ સામે આવ્યું હતું. હવે બોની કપૂરે માત્ર વરુણ અને દિલજીત જ નહીં પરંતુ ત્રીજા નામની પણ પુષ્ટિ કરી છે.

# માર્કેટ યાર્ડમાં મીની વેકેશન ખુલતા વાહનોની લાંબી લાઈન

## ચણા, ઘઉં, મરચાં પુષ્કળ પ્રમાણમાં ઠલવાયા



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,
માર્ચ એન્ડિંગના હિસાબ-કિતાબની કાર્યવાહી ચાલતી હોવાથી રાજકોટના મોરબી રોડ પર બેડી ગામ પાસે આવેલ માર્કેટીંગ યાર્ડમાં રજાઓ પુરી થતાં વિવિધ જણસીની આવક શરૂ કરવામા આવી હતી જેમાં સવારથી જ ખેડુતો પોતાની જણસી લઈ આવતા યાર્ડમાં વાહનોના થપ્પા લાગ્યા હતાં અને રસ્તા પર પણ આઠ કિલોમીટર લાંબી લાઈન લાગી હતી ખેડુતોને ટોકન આપી યાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.રાજકોટના માર્કેટ યાર્ડમાં ૧૮૦થી વધારે ગામના ખેડુતો દ્વારા પોતાની વિવિધ જણસીઓ લઈ આવવામાં આવતી હોય છે દર વર્ષે નાણાકીય વર્ષમાં યાર્ડમાં ખરીફ પાકોની આવક માર્ચ એન્ડિંગમાં બંધ કરી દઈ હિસાબ-કિતાબ માટી કામગીરી થતી હોય રજાઓ પાડવામાં આવે છે. અને ખેડુતોને પોતાના જણસી નહીં લાવવા સુચના આપવામા આવતી હોય છે.

વહેલી સવારથી જ વિવિધ વાહનોમાં ખેડુતો દ્વારા અલ અલગ જણસીઓ પોતાના વાહનોમાં લઈ આવવામાં આવી હતી. જેથી યાર્ડની અંદર વાહનોના થપ્પા લાગ્યા હતાં. ઉનાળાની સિઝન શરૂ થતાં અને યાર્ડમાં નવા માલની આવક પણ શરૂ થઈ છે અને મસાલાની સિઝન પણ હોય સૌથી વધારે ધાણા, જીરૂ, ઘંઉ, સુકા મરચા સહિતની જણસી ઠલવાઈ હતી જેના માટે યાર્ડના સતાધીશો દ્વારા વિવિધ શેડમાં ઉતરાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ યાર્ડના ચેરમેન અને ડિરેક્ટરો પણ ઉપસ્થિત રહી અને વ્યવસ્થા કરાઈ હતી.

# મધ્યમ વર્ગના લોકોને કોઈપણ આર્થિક મુશ્કેલી વગર સામાજિક પ્રસંગ પાર પાડવામાં સમુહલગ્નના આયોજનો મહત્વનું માધ્યમ બન્યા છે

## સમાજ પ્રત્યે પોતાનું સામાજિક દાયિત્વ નિભાવવા બદલ આયોજકોને અભિનંદન પાઠવતા : પરશોતમભાઈ રૂપાલા



રાજકોટ
શહેરના રૈયા ગામથી આગળ જતા કેન્દ્ર સરકારની લાઈટ હાઉસ આવાસ યોજનાની વસાહતના પટાંગણ ખાતે ઓમ શ્રી આશાપુરી પ્રગતિ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ આયોજિત ૧૪માં સર્વજ્ઞાતિય સમુહલગ્ન સમારોહમાં કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા ચૂંટણીના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ પ્રેરક હાજરી આપી પ્રભુતામાં પગલા પાડવા જઈ રહેલ ૯ નવદંપતિઓને આશિર્વાદ પાઠવી શુભેચ્છા પાઠવેલ હતી. આ તકે પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ સમાજમાં સમયાંતરે વિવિધ સામાજિક સંસ્થાઓ, ટ્રસ્ટો, મિત્ર મંડળ ધ્વારા સમુહ લગ્નના આયોજનો થાય છે ત્યારે મધ્યમ વર્ગન લોકોને કોઈપણ આર્થિક મુશ્કેલી વગર સામાજિક પ્રસંગ પાર પાડવામાં સમુહલગ્નના આયોજનો મહત્વનું માધ્યમ બન્યા છે. દિકરીઓને કન્યાદાનમાં વિવિધ ચીજ—વસ્તુઓ અર્પણ કરી દાતાઓ પુણ્યનુ ભાથુ બાંધે છે. ત્યારે મધ્યમવર્ગીય મા—બાપ કોઈપણ આર્થિક પરેશાનીનો સામનો કર્યા વગર રંગે—ચંગે પોતાના સંતાનોના વિવાહના અવસરને માણી ઉજવણી કરે છે. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા, ભાજપ અગ્રણી મનીશભાઈ ભટ્ટ, વિનોદભાઈ પેઢડીયા, જયેશભાઈ વ્યાસ સહીતના ઉપસ્થિત રહયા હતા. આ સમુહલગ્ન કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના મુખ્ય આયોજક ભીખા રામજી, ગોપાલદાસજી કાપડી રાજા, શ્રીમતી શારદા બા કાપડી, સર્વે શ્રી તુલસીદાસ ગોંડલીયા, બાલકદાસ કાપડી, રાજન રામ કાપડી, ગુલાબદાસ બાપુ દેસાણી તેમજ અન્ય કાર્યકર્તાઓ, મહિલા મંડળની બહેનો સહીતના એજહેમત ઉઠાવી હતી.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એસો. પ્રમુખ વી.પી. વૈષ્ણવની દિલ્હીનાં એસોચેમની કમિટિમાં વરણી

## મેનેજીંગ કમિટિમાં સ્થાન મળતા સૌરાષ્ટ્ર-કચ્છનાં વેપાર ઉદ્યોગને ફાયદો



રાજકોટ
રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર-ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી ૬૯ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે. રાજકોટ ચેમ્બર દ્વારા હર હંમેશ વેપાર-ઉદ્યોગના તેમજ આમ પ્રજાના પ્રશ્નોનું યોગ્ય અને સચોટ નિરાકરણ લાવવા માટે અગ્રેસર રહે છે. તેમજ કેન્દ્ર તથા રાજય સરકારમાં એક સેતુ બની રજુઆતો કરી ઉદ્ભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દિલ્હી સ્થિત (એસોચેમ)માં સભ્યપદ ધરાવે છે. જેમાં પ્રમુખ વી.પી. વૈષ્ણવની મેનેજીંગ કમિટીમાં બિનહરિફ ચૂંટાઇ આવેલ છે. એસોચેમની મેનેજીંગ કમિટિમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવને સ્થાન મળવાથી રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગકારોના પ્રશ્નોને ખુબ જ મહત્વ સાથે વાચા મળશે.

વી.પી. વૈષ્ણવ હાલ ફેડરેશન ઓફ સૌરાષ્ટ્ર-કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ચેરમેન તરીકે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ તરીકે, નેશનલ લેવલની સંસ્થા ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ન્યુ દિલ્હીમાં કારોબારી સભ્ય તરીકે, મુંબઈ સ્થિત આઈએમસી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં કારોબારી સભ્ય તરીકે તેમજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં રીજીઓનલ કારોબારી સભ્ય તરીકે અને (એસોચેમ)માં મેનેજીંગ કમિટિમાં કાર્યરત છે. આમ ઈતિહાસમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી ૬ જેટલી મહત્વની ઉચ્ચ લેવલની સંસ્થાઓનું પ્રમુખ વી.પી.વૈષ્ણવ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

# જેતપુરમા વિઠલભાઈ રાદડીયાની પુણ્ય સ્મૃતીમા સર્વજ્ઞાતીય સમુહલગ્નોત્સવ "જાનકી વિવાહ"




જેતપુર શહેર ખાતે જેસીઆઈ જેતપુર ટ્રસ્ટ આયોજીત વિઠલભાઈ રાદડીયાની પુણ્ય સ્મૃતીમા સર્વજ્ઞાતીય સમુહલગ્નોત્સવ "જાનકી વિવાહ"પ્રસંગે પોરબંદર લોકસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી મનસુખ માંડવીયા પધારતા તેમનુ સ્વાગત સન્માન કરીને દાતાશ્રીઓનુ સન્માન તેમજ ૭૦ દીકરીઓને કન્યાદાન કરવાનો પવિત્ર અવસર પ્રાપ્ત થયો.

# ગીર સોમનાથ જીલ્લામા ગૃહવિભાગના ઠરાવથી એકતા સમિતીની રચના કરાઈ

## જીલ્લા કલેક્ટર, ડે.કલેક્ટર, સાસંદ, ધારાસભ્યો, પત્રકાર મિતેષ પરમાર સહીતની જીલ્લાકક્ષાએ નિમણૂક કરાઈ



ગીર સોમનાથ
રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા જળવાઈ રહે અને કોમવાદ, જાતિવાદ, પ્રાદેશીકતાવાદ જેવા અનિષ્ટોને દુર કરવા ભારત સરકાર દ્રારા રાષ્ટ્રીય એકતા પરિષદની રચના કરવામા આવે છે .તેજ રીતે રાજયકક્ષાએ પણ રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા સંવર્ધન, સમગ્ર રાજયમા શાંતિ એકતા અને સદભાવના જાળવી રાખવાના હેતુસર રાજ્ય એકતા સમિતી ની રચના થયેલ છે અને ગૃહવિભાગના ઠરાવથી ગીરસોમનાથ જીલ્લામા પણ જીલ્લા એકતા સમિતીની રચના કરવામા આવી છે .જેમા અધ્યક્ષ તરીકે જીલ્લા કલેક્ટર ડી.ડી.જાડેજા, ડીડીઓ, અધિક કલેક્ટર,જીલ્લા શિક્ષણ અધિકારી, સાસંદ રાજેશ ચુડાસમા, તાલાલાના ધારાસભ્ય ભગવાન બારડ, કોડીનાર ના ધારાસભ્ય પ્રદ્યુમનભાઈ વાજા, ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, જીલ્લા પંચાયત ના પ્રમુખ મંજુલાબહેન મુછાર,જીલ્લા પત્રકાર સંઘ (છમ્જીજી) ના પ્રમુખ મિતેષ પરમાર, જીલ્લા કોળીસેનાના પ્રમુખ દીપાબેન બાંભણીયા, માલધારી સમાજના ભૂપત કોડીયાતર, સાધુસમાજના ધર્મેન્દ્ર નિમાવત, આ સહીતની નિમણૂક કરવામા આવી છે .

# ૨જી એપ્રિલ વર્લ્ડ ઓટીઝમ ડે, ઓટીસ્ટીક બાળક સામાન્ય બની શકે છે, દવાની સાથે ડાયેટ, કસરત પણ મહત્વનો ભાગ ભજવે છે




રાજકોટ,
૨૦,૦૦૦ થી વધુ દેશ-વિદેશના બાળકોની સારવાર કરી તેમાંથી ૭૦% બાળકોને મેઈન સ્ટ્રીમમાં લાવ્યા છે. ઓટીઝમ સારવારમાં દેશમાં મહત્વનો ભાગ ભજવનારા અમદાવાદના ડો. કેતન પટેલ જણાવે છે કે, હોમિયોપેથી થકી ૧૨૦ દિવસની સારવારમાં બાળકમાં સુધારો જોવા મળે છે ત્યારબાદ દર ૩૩ દિવસમાં સુધારા થતો જોવા મળે છે જે માટે ધીરજ સાથે બાળકને ૨૪ થી ૩૬ મહિનાની સારવાર આપવામાં આવે છે. આ પૈકી જે બાળકોમાં સુધારો જોવા ન મળ્યો હોય તેવા બાળકોમાં જિનેટિક અને મેટાબોલિઝ્મ રિપોર્ટ કરાવવાનુ કહેવામાં આવે થે. તેમાં જીનેટીક અને મેટાબોલિક છમ્નોર્મલીટી જોવા મળી ને તેના માટે જવાબદાર જીન-રંગસુત્રાને ઓળખી તેના લક્ષણો પ્રમાણે સારવારની સાથે જીનેટીશિયન તબીબ જુથ સાથે તેમનું કાઉન્સિલિંગ કરાવવામાં આવે છે. અને તેમની બીમારી વિશે વિગતવાર માહિતગાર કરાય છે.જે ખાસ જરૂરી છે. હોમિયોપેથીક સારવાર આ બીમારીમાં અસરકારક છે જેમ કે બાળકના મગજનો વિકાસ અટકી ગયો હોય તેને દૂર કરી મગજનો વિકાસ કરે છે સાથે સંકળાયેલી બીમારી જેમ કે લીકિગટ સિન્ડ્રોમ,લાઈમ ડીસીઝ, મગજનો સોજો, હેવી મેટલ તેમજ હોર્મોન ઈમ્ બેલેન્સ ને સરખું કરી મગજનો વિકાસ કરે છે. એટલુંજ નહીં સ્પેશિયાલીટી હોમિયોપેથના ડો. કેતન પટેલ જણાવે છે કે, દુનિયાના ડોક્ટરો જો પોતાનું બાળક ઓટિઝમથી પીડિત હોય તો તેને હોમિયોપેથી સારવાર આપવાનું પહેલા પસંદ કરે છે.ભારત દેશમાં દર ૧૫૦ માંથી એક બાળકને ઓટીઝમ જોવા મળે છે. લક્ષણોમાં બોલતું ન હોય, નજર ના મિલાવે, ચીસ પાડી ઊઠે ,અવાજ વધુ સાંભળે, હાથ વધુ હલાવે છે તે માટે ચાઈલ્ડહુડ ઑટિઝમ રેટિંગ સ્કેલ ( CARS) ટેસ્ટ કરાવવો, જે બાળકોના ડોક્ટર કે સાયકોલોજિસ્ટ ની સલાહથી કરવામાં આવતા હોય છે. જો આ રિપોર્ટ પોઝિટિવ આવે તો GLUTEN ગ્લુટેનન ફ્રી, GFCF જીએફસીએફ ડાયેટ તેમજ સુગર ફ્રી ડાયટ જેમ કે, ઘઉં કે જવની વસ્તુ ન આપો, તેવા બાળકની દૂધની બનાવટ એટલે કે પ્રાણીજન્ય મિલ્કની બનાવટ ન આપો, સાથે સાથે રોજ સવાર સાંજ ૬૦ મિનિટ દોડાવવું ચલાવવું કે સાયકલિંગ કરવાથી પરિસ્થિતિમાં સુધારો જોવા મળશે. છેલ્લા ૩૨ વર્ષથી તેમની તબીબી સારવારમાં છેલ્લા ૨૧ વર્ષથી તેઓ ઓટિઝમ પર રિસર્ચ સાથે સાથે ઓટીઝમ ધરાવતા અને જીનેટીક ખામી ધરાવતાં બાળકની સારવાર કરે છે ભારતભરમાં સાત મોટા શહેરોમાં ઓટિઝમ અને ચાઈલ્ડ ન્યુરોલોજી ડિસઓર્ડર અંગે સેવા આપે છે, હોમિયોપેથીક તબીબ હોવા છતાં મેડિકલ રિસર્ચ પર ભાર મૂકવાની કારણે તેમના પાંચથી વધારે રિસર્ચ પેપર દુનિયાની અગ્રણી મેડિકલ જનરલમાં પ્રકાશિત થયા છે.ઓટીઝમ સારવારમાં રિસર્ચમાં આ પ્રકારનું કામએ ભારત માટે ગૌરવપ્રદ બાબત છે.

# વેદાંતાનું દેવું ડિમર્જ કંપનીઓમાં સંપત્તિના ગુણોત્તરમાં ફાળવવામાં આવશે

રાજકોટ,
માઈનિંગ કંપની વેદાંતા તેના એલ્યુમિનિયમ સહિત મુખ્ય વ્યવસાયોના ડિમર્જર પ્રક્રિયા માટે આગળ વધી રહી છે. જેને અલગ લિસ્ટેડ કંપનીઓ તરીકે જાહેર કરી ગ્રુપનું દેવુ ડિમર્જ કંપનીઓની સંપત્તિના ગુણોત્તરમાં ફાળવવામાં આવશે. આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું. વેદાંતા આ મામલે તેના લેણદારો સાથે જોડાણના એડવાન્સ તબક્કામાં છે, અને પ્રક્રિયા સરળતાથી આગળ વધી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ડિમર્જર બાદ કંપનીઓમાં દેવાની ફાળવણી અંગે સ્પષ્ટતા કરતાં કંપનીના વરિષ્ઠ અધિકારીએ હાલમાં યોજાયેલી ઈવેન્સ્ટર ઈવેન્ટના સમાપન દરમિયાન જણાવ્યું હતું કે, માન્ય નીતિ-નિયમો અનુસાર, ડિમર્જ કંપનીઓની સંપત્તિના ગુણોત્તરમાં દેવાની ફાળવણી કરવામાં આવશે.

વેદાંતા એલ્યુમિનિયમનું ઉદાહરણ આપતાં વધુમાં જણાવ્યું હતું કે, કંપનીમાં દેવાની ફાળવણી સંપત્તિની બુક વેલ્યૂના સીધા પ્રમાણમાં રહેશે. તેમજ આ ટ્રાન્જેક્શન ટેક્સ-ન્યૂટ્રલ રહે તેની ખાતરી કરવામાં આવશે.

વેદાંતાએ તેની ડિમર્જરની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, “ડિમર્જર સોવરિન વેલ્થ ફંડ્સ, રિટેલ રોકાણકારો અને વ્યૂહાત્મક રોકાણકારો સહિત વૈશ્વિક રોકાણકારોને સમર્પિત કંપનીઓમાં પારદર્શી ધોરણે સીધુ રોકાણ કરવાની તકો આપશે. લિસ્ટેડ ઈક્વિટી અને સ્વંય સંચાલિત મેનેજમેન્ટ ટીમ સાથે ડિમર્જ કંપનીને વ્યૂહાત્મક યોજનાઓ ઘડવા તેમજ તેના ગ્રાહકો, ઈન્વેસ્ટમેન્ટ સાયકલ, અને એન્ડ માર્કેટ સાથે જોડાણો કરવા સ્વતંત્રતા આપશે.”

# પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટ સ્થિત ઝાંપોદડ પાટીદાર સમાજ ધ્વારા સ્નેહમિલન યોજાયું

## સંયુકત કુટુંબમાં મળતી લાગણી, હુંફ, પ્રેમ અને સ્નેહ વ્યકિતના જીવનને તરબતર બનાવે છે : પરશોતમભાઈ રૂપાલા






રાજકોટ
કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા ચૂંટણીના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં શહેરના સ્પીડવેલ પાર્ટી પ્લોટ ખાતે રાજકોટ સ્થિત ઝાંપોદડ પાટીદાર સમાજ ધ્વારા સ્નેહિમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ડો.દર્શીતાબેન શાહ, શહેર ભાજપ મહીલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવા, ભાજપ મહિલા મોરચાના આગેવાન જયોતિબેન ટીલવા તેમજ પ્રવીણભાઈ ટીલવા, હરસુખભાઈ ટીલવા, સંદીપભાઈ ડેડાણીયા, વસંતભાઈ કટારીયા સહીતના ઉપસ્થિત રહયા હતા.આ તકે પરશોતમભાઈ રૂપાલાએ સંયુકત કુટુંબમાં રહેવાના ફાયદા વિશે જણાવેલ કે ભારતમાં પ્રાચિન કાળથી સંયુકત કુટુંબની વ્યવસ્થા ચાલી રહી છે, એકજ છત હેઠળ એક કરતા વધુ પેઢીના સભ્યો જેમાં દાદા—દાદી, માતા—પિતા, કાકા—કાકી, ભાઈ—ભાભી અને બાળકો એકબીજાના સાનિધ્યમાં પ્રેમ અને હુંફની લાગણી અનુભવે છે. સંયુકત કુટુંબમાં પરિવારના સભ્યો એક ટીમની તરીકે કામ કરે છે. આર્થિક અને સામાજિક જવાબદારી વહેંચાઈ જાય છે, કોઈપણ સમસ્યાનો સામનો પરિવાર સાથે રહીને કરે છે, પરિણામે પરિવારનો કોઈપણ સભ્ય કયારેય તણાવ કે ટેન્શનનો અનુભવ કરતો નથી. કોઈપણ સંતાન માટે દાદા—દાદીના ખોળામાં ઉછરેલા બાળપણમાં મળેલી હુંફથી સંસ્કારોના સિંચનની સાથોસાથ ઘડતર થાય છે. આમ સંયુકત કુટુંબમાં મળતી લાગણી, હુંફ, પ્રેમ અને સ્નેહ જીવનને તરબતર બનાવે છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ઝાંપોદડ યુવા ગ્રુપના ઉદય ભૂત, મયુર ટીલવા, નયનભાઈ શેખાત, રાકેશ જાવિયા સહીતનાએ જહેમત ઉઠાવી હતી.

# દ્વારકામાં રહેણાંક મકાનમાં આગ ભભૂકતા પરિવારની ચાર વ્યકિત ભડથું

## વ્હેલી સવારે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી, જેમાં પતિ-પત્ની, માસની પુત્રી અને એક મહિલાના મૃત્યુ નિપજયા હતા : ગુગળી સમાજમાં ભારે શોક છવાયો







તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : દેવભૂમિ દ્વારકામાં ગઈકાલે એક ગુગળી બ્રાહ્મણ પરિવારમાં કરૂણાંતિકા સર્જાઈ છે. જેમાં પરિવારના રહેણાંક મકાનમાં શોર્ટ સર્કિટના કારણે આગ ભભૂકી હતી. જે અકસ્માતમાં પરિવારના ચાર સભ્યો આગમાં ભડથું થઈ જતાં તમામના મૃત્યુ નિપજયા હતા. આ બનાવને લઈ ગુગળી સમાજમાં ભારે શોક છવાયો છે.

દ્વારકાની મધ્યમાં રહેણાંક તથા હોટલ ધર્મશાળાના પોશ વિસ્તાર આદિત્ય માર્ગ પર આજે વહેલી સવારે ચાર વાગ્યાની અરસામાં ગુગળી બાહ્મણ પરિવારના ડેલીબંધ મકાનમાં વીજ શોકના કારણે આગ ફાટી નીકળતા આ પરિવારના ચાર સદસ્યો આગમાં લપેટાઈ જતા બનાવના સ્થળ ઉપર મૃત્યુ થતા સમગ્ર શહેર શોકમય બન્યું છે. દ્વારકામાં જ વર્ષોથી રહેતા સ્વ. કમલેશભાઈ ઉપાધાધ્યના પુત્ર પાચન ઉ.વ.૩૦ તથા તેમના પત્ની તિથિ ઉ.વ.૨૭ તથા ધ્યાના ઉ. સાત માસ ૭ નામની બાળકી અને મામિનાબેન કમલેશભાઈ ઉપાધાધ્ય ઘરે ઉંઘમાં હતા ત્યારે કોઈપણ અગમ્ય કારણોસર રૂમમાં આગ ફાટી નીકળી હતી.ઈલે શોક—સર્કિટના કારણે આ આગ લાગી હોવાનું જાણવા મળેલ છે.જેના કારણે ઉપરોકત પરિવાર સળગી ગયો હતો.વહેલી સવારના લાગેલી આગથી ભારે દોડધામ મચી જવા પામી હતી અને આસપાસના રહેણાંક તથા જાહેર માર્ગને કારણે અવર—જવર કરતા લોકોએ તંત્રને જાણ કરતા પાલિકા તથા પોલીસનો સ્ટાફ બનાવના સ્થળે પહોંચ્યો હતો પરંતુ જોતજોતામાં લાગેલી આગના કારણે આ પરિવારને સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ જયાં પરિવારના તમામ સદસ્યોને મૃત જાહેર કરવામા આવ્યા હતા.બાદમાં તેમના પોસ્ટમોર્ટમની પ્રક્રિયા કરવામા આવી હતી. મૃતક પાવન ઉપાધાધ્ય આ પરિવારનો મોભી પૂત્ર હતો અને તે તેમના બનાવવાળા મકાનની બહાર છેલ્લા બે વર્ષથી ફાસ્ટફુડ અને જયુસ સેન્ટરની દુકાન ચલાવતો હતો.પાવન રાત્રીના એક વાગ્યાની આસપાસ તેમનો વેપાર—ધંધો બંધ કરીને તેમના આ મકાનમાં સુઈ ગ્રંથો હતા અને મોડીરાત્રીના આ બનાવ બન્યો છે.મૃતકનો પરિવાર દ્વારકાધીશ મંદિરની પુજાની વ્યવસ્થા તથા ગુગળી જ્ઞાતિની દરેક સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતો.તેમના સંગા—સબંધીઓ દ્વારકાધીશ મંદિરની સેવાકીય વ્યવસ્થા સાથે સંકળાયેલ છે. ચાર હજાર જેટલી વસ્તી ધરાવતા ગુગળી સમાજમાં વાયુવેગે પ્રસરેલા આ સમાચારથી સમગ્ર સમાજ સ્તબ્ધ થઈ ગયો. હતો.દ્વારકાધીશ મંદિરમાં પણ વહેલી સવારના બનાવથી મંગળા આરતીના સમયે જ દર્શન કરવા આવેલા ગુગળી સમાજના લોકોમાં મારે કરૂણાંતિકા જોવા મળી હતી.

# જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ રકતરંજિત વાહન અકસ્માતના બે બનાવમાં બે વ્યક્તિનો ભોગ લેવાયો

## વસઈ પાસે બાઈક સ્લીપ થતાં ચાલકનું મોત : બેડ ગામ પાસે બસના ચાલકે મહિલાને કચડી નાખી

જામનગર : જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર વસઈ તેમજ બેડ ગામના પાટીયા પાસે અલગ અલગ બે વાહન અકસ્માતમાં એક મહિલા સહિત બે વ્યક્તિના મૃત્યુ નીપજ્યા છે. સિક્કામાં રેહેતો ટ્રક ચાલક યુવાન પોતાનું બાઈક લઈને તેમાં પત્ની અને પુત્રને પાછળ બેસાડીને સચાણા જઈ રહ્યો હતો, દરમિયાન વસઈની બોલાઈ પાસે બાઈક સ્લીપ થઈ જતાં પતિ-પત્ની અને પુત્ર ઘાયલ થયા હતા, જે પૈકી બાઈક ચાલક યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે. જ્યારે બેડ ગામના પાટીયા પાસેથી પગપાળા ચાલીને જઈ રહેલી એક વૃદ્ધ મહિલાને મીની બસના ચાલકે ઠોકરે ચડાવતાં ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યું છે.

અકસ્માતના પ્રથમ બનાવની વિગત એવી છે કે, જામનગર તાલુકાના સચાણા ગામમાં રહેતો હસન જુનશભાઈ સંધાર (ઉ.વ.૩૩) કે જે ટ્રકમાં ડ્રાઈવિંગ કામ કરે છે. જે ગત ૧૮મી તારીખે પોતાનું બાઈક લઈને સિક્કા ગામ થી સચાણા ગામ તરફ જઈ રહ્યો હતો, અને બાઈકમાં તેની પત્ની મુમતાઝ (ઉ.વ.૩૦) અને પુત્ર અલી (ઉ.વ.૬)ને સાથે બેસાડ્યા હતા. દરમિયાન તેનું બાઈક વસઈ ગામની ગોળાઈ પાસે સ્લીપ થઈ ગયું હતું. જેમાં પતિ પત્ની અને બાળક ત્રણેય ઈજાગ્રસ્ત બન્યા હતા, અને તેઓને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જે અકસ્માતમાં બાઈક ચાલક હસન જુનુશ સંઘારનું હેમરેજ સહિતની ગંભીર ઈજા થવાના કારણે સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે. જ્યારે તેની પત્ની મુમતાજ અને પુત્ર અલીને સારવાર આપી દેવાયા પછી હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. આ અકસ્માત મામલે પોલીસને જાણ થતાં સિક્કા પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ સી. ડી. ગાંભવા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

અકસ્માતનો બીજો બનાવ બેડ ગામના પાટીયા પાસે બન્યો હતો. ત્યાંથી પસાર થઈ રહેલી જામનગર ની ખાનગી મીની લક્ઝરી બસના ચાલકે રાહદારી અજ્ઞાત વૃદ્ધ મહિલાને હડફેટમાં લઈ લેતાં મહિલા ને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હોવાથી તેમજ તેનો ડાબો પગ કપાઈ ગયો હોવાથી ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું. આ અકસ્માતના બનાવ અંગે સામાજિક કાર્યકર અનિરુદ્ધપૂરી માયાપુરી ગોસ્વામીએ પોલીસને જાણ કરતાં સિક્કા પોલીસ સ્ટેશનના પી. એસ. આઈ. આર. તેમજ પોલીસે હેડ કોન્સ્ટેબલ સી. ડી. ગાંભવા બનાવના સ્થળે દોડી ગયા હતા અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે. જ્યારે મીની લક્ઝરી બસના ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# ખંભાળિયા નજીક મોટરકારમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો

## દારૂની ૧૭૭ બોટલ સાથે બે શખ્સોની ધરપકડ : સપ્લાયરની શોધખોળ




તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : ખંભાળિયા નજીક ભાણવડ રોડ પર એક મોટરકારમાં દારૂની હેરાફેરી થઈ રહી છે તેવી બાતમીના આધારે પોલીસે મોટરકારને આંતરી હતી અને તેની તલાશી લેતાં તેમાંથી ઈંગ્લીશ દારૂની ૧૭૭ બોટલ મળી આવી હતી. જેથી મુદામાલ કબ્જે કરી પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે.

ખંભાળિયા વિસ્તારમાં પોલીસ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત અહીં ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી કામગીરી શક્તિરાજસિંહ જાડેજા તથા સુખદેવસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા - ભાણવડ માર્ગ પર અત્રેથી આશરે ૨૦ કિલોમીટર દૂર ભાણવારી ગામના પાટીયા પાસેથી મધ્ય રાત્રીના આશરે ત્રણેક વાગ્યાના સમયે પસાર થઈ રહેલી જી.જે. ૩૨ બી. ૫૮૭૩ નંબરની એક મારુતિ સુઝુકી અર્ટિગા મોટરકારને અટકાવી, તેમાં ચીટીંગ કરતા આ મોટરકારમાંથી જુદી જુદી બ્રાન્ડની કુલ ૧૭૭ બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે રૂપિયા ૭૦,૮૦૦ ની વિદેશી દારૂ તેમજ રૂ. ૪૦,૦૦૦ ની કિંમતમાં બે નંગ મોબાઈલ ફોન ઉપરાંત રૂપિયા પાંચ લાખની કિંમતની મોટરકાર મળી, કુલ રૂપિયા ૬૧૦,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી, આ પ્રકરણમાં મીઠાપુર તાબેના આરંભડા વિસ્તારમાં રહેતા મહેકભા મુરુભા કેર અને મીઠાપુર ટાઉનશીપ વિસ્તારમાં રહેતા શ્રીનાથ ઉર્ફે શીનુ કિરીટભાઈ જોશી નામના બે શખ્સોને ઝડપી લીધા હતા.

દારૂનો આ જથ્થો તેઓએ ભાણવડ તાલુકાના રાણપર ગામે રહેતા રાજુ કોડીયાતર નામના શખ્સ પાસેથી મેળવ્યો હોવાનું ખૂલતાં પોલીસે આ અંગે પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જામ્યુકોને વર્ષ ૨૦૨૩-૨૪માં ટેક્સમાં રૂા.૧૫૦ કરોડની જંગી આવક



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩—૨૪ દરમ્યાન ગઈકાલે તા. ૩૧—૦૩—૨૦૨૪ સુધીમાં ઐતિહાસિક આવક થઈ છે. જેમાં મિલકતવેરા, પાણીચાર્જિસ પેટે રૂા. ૧૪૯ કરોડની આવક થવા પામી છે. જેમાં પાછલા બાકી વેરા પેટે તંત્રને રૂા. ૭૦ કરોડ મળ્યા છે. જેની સામે ૨૨ હજારથી વધુ લોકોએ રૂપિયા ૧૫ કરોડ વ્યાજ માફી મેળવી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તા. ૧ ફેબ્રુઆરીથી જીઆઈડીસીના ઉદ્યોગકારો માટે અને તા. ૧૫ ફેબ્રુઆરીથી શહેરના તમામ વિસ્તારોના નાગરિકો માટે પાછલા બાકી મિલ્કતવેરા અને પાણીના ચાર્જિસના નાણા ભરવા ઉપર ૧૦૦ ટકા વ્યાજ માફીની યોજના જાહેર કરવામાં આવી હતી. જેનો નગરજનોએ સાનુકૂળ પ્રતિસાદ આપતા ગત્ તા. ૨૮મીના દિવસે જામનગર શહેરના ૩.૦૬ મિલકત ધારકોમાંથી ૧,૦૫,૬૫૬ મિલકતધારકોએ તંત્રને ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં વેરા પેટે રૂા. ૧૦૧.૬૦ કરોડની વિક્રમી વેરા આવક થઈ હતી. જેના કારણે પ્રથમ વખત જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અબજોપતિ કોર્પોરેશનની યાદીમાં મૂકાયું હતું. જે બાદ કોર્પોરેશનના તંત્રના તા. ૨૯ના રોજ ૪ કરોડની અને તા. ૩૦ના ૭ કરોડની વેરા આવક થવા પામી હતી. તંત્રને થયેલી રૂપિયા ૧૩૬ કરોડની આવકમાંથી રૂા. ૭૦ કરોડ પાછલા બાકી મિલકતવેરા પર ૧૦૦ ટકા વ્યાજમાફીની યોજના પેટેના છે. જેમાં ૨૨૫૦૬ મિલકતધારકોએ રૂા. ૧૫ કરોડથી વધુની વ્યાજ માફી મેળવી છે.

# જામનગર નજીક ધુંવાવ પાસે દર્શન કરવા જઈ રહેલ મહિલાને અજાણ્યા વાહનચાલકે કચડી નાખતા મોત

જામનગર : જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર ધુંવાવ નજીક આવેલા ઈસ્કોન મંદિરે દર્શનાર્થે ગયેલા એક મહિલાને કોઈ અજાણ્યા વાહન ચાલકે હડફેટેમાં લઈ કચડી નાખતાં ઘટના સ્થળેજ કરુણ મૃત્યુ નિપજયું છે. જે અકસ્માત મામલે પોલીસ તપાસ ચલાવે છે. આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં શિવ રેસીડેન્સીમા રહેતા સુમનબેન અભિમન્યુ પવાર નામના પરપ્રાંતિય મહિલા, કે જેઓ જામનગર-રાજકોટ ધોરી માર્ગ ધુંવાવ નજીક આવેલા ઈસ્કોન મંદિરે દર્શનાર્થે ગયા હતા, અને દર્શન કર્યા પછી રણજીત નગર તરફ પરત આવવા માટે રસ્તો ઓળંગી રહ્યા હતા. જે દરમિયાન પુર ઝડપે આવી રહેલા કોઈ અજ્ઞાત વાહનના ચાલકે સુમન બેનને ઠોકરે ચડાવી હડફેટમાં લઈ લેતાં તેઓને માથાના ભાગે તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા થઈ હોવાથી ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નીપજયું હતું.

આ અકસ્માતના બનાવ અંગે મૃતકના પુત્ર સતીશ અભિમન્યુ પવારે પોલીસને જાણ કરતાં પંચકોશી એ. ડિવિઝન પોલીસે મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે, જયારે અજ્ઞાત વાહનચાલક સામે ગુનો નોંધી તેની શોધ ખોળ હાથ ધરી છે.

# જામનગરમાં બેકરી અને ફાસ્ટફૂડ પાર્લરમાં તસ્કરો રોકડ રૂપિયા ૩૧,૫૦૦ ઉસેડી ગયા

જામનગર : જામનગર શહેરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં તસ્કરોના પરોણા થયા છે, અને એક ફાસ્ટ ફૂડ પાર્લર તેમજ એક બેકરી ને નિશાન બનાવી લઈ બંને ધંધાના સ્થળે ટેબલના ખાનામાંથી રૂપિયા ૩૧,૫૦૦ ની રોકડ રકમની કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ખોડીયાર કોલોની મેઈન રોડ પર આવેલી ન્યુ પૂજા ફાસ્ટ ફૂડ કોર્નર માં ગત ૨૯ મી તારીખના મોડી રાતના સમયે કોઈ તસ્કરો ત્રાટક્યા હતા, અને ઉપરનો કાચનો દરવાજો તોડી નાખી અંદર પ્રવેશ મેળવી લીધો હતો, અને ટેબલના ખાનામાં રાખવામાં આવેલી રૂપિયા ૧૩,૫૦૦ ની રોકડ રકમની ચોરી કરી લીધી હતી. ત્યારબાદ બાજુમાં જ આવેલી સીબેરો બેકરીમાં પણ તસ્કરો ઘુસ્યા હતા, અને ટેબલ નું ખાનું તોડી અંદરથી રૂપિયા ૧૮,૦૦૦ ની રોકડ રકમ ની ચોરી કરી લઈ ગયા હતા.

જે બનાવ અંગે સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી કેમેરાની મદદથી તપાસ નો ધમધમાટ શરૂ કર્યો છે.

# કાલાવડના ભગત ખીજડીયા ગામે બે બહેનો વચ્ચે બોલાચાલી થતા યુવતીનો આપઘાત

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ભગત ખીજડીયા ગામની વાડી વિસ્તારમાં રહેતી યુવતીએ જંતુ નાશક દવા પી લેતા સારવારમા તેણીનું મૃત્યુ નીપજ્યું હતું.

કાલાવડ તાલુકાના ભગત ખીજડીયા ગામેં અશોકભાઈ ગીરધરભાઇની વાડીમા ખેત મજૂરી કામ કરતા મૂળ મહીસાગર જિલ્લાના વતની મમતાબેન ચાનાભાઈ બારૈયા (૧૯)એ જંતુ નાશક દવા પી લેતા સારવાર માટે હોસ્પિટલમા દાખલ કરવામા આવી હતી. જયા તેણીનું સારવારમા મૃત્યુ નિપજ્યું હતું.

મૃતકની મોટી બહેન માનસિક બીમાર હોવાથી અવાર નવાર ઘરમા કજિયા કંકાસ કરતી હતી. ગત તા. ૨૪ ના પણ બંને બહેનો વચ્ચે બોલાચાલી થતા મમતાબેન બારૈયાને મનમાં દુઃખ લાગી જતા આ પગલું ભર્યું હોવાનું પોલીસમાં જાહેર થતા આ બનાવ અંગે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# જામનગરમાં વાહન ઓવરટેક કરવાના પ્રશ્ને ડમ્પરચાલકનું નાક ભાંગી નાખ્યું

જામનગર : જામનગરમાં મહાપ્રભુજીની બેઠક પાસેથી ડમ્પર લઈને જઈ રહેલા એક યુવાનને વાહન ઓવરટેક કરવાના પ્રશ્ને ચાર શખ્સોએ તકરાર કરી ડમ્પર ઉભું રખાવ્યા પછી તેના ચાલક પર હુમલો કરી નાક ભાંગી નાખ્યું હતું. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. આ ફરિયાદના બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના મિયાંત્રા ગામમાં રહેતો અને ડ્રાઈવિંગ કામ કરતો ભુપત મેરા ભાઈ માટિયા નામનો ૩૪ વર્ષનો યુવાન ગઈકાલે રાત્રિના નવેક વાગ્યાના અરસામાં પોતાનું ડમ્પર લઈને મહાપ્રભુજીને બેઠક પાસેથી પસાર થઈ રહ્યો હતો. જે દરમિયાન બે બાઈકમાં આવેલા ચાર શખ્સોએ વાહન ઓવરટેક કરવાના મામલે તકરાર કરી હતી અને મોટરસાયકલ આડા નાખી ડમ્પરને રોકાવી લીધું હતું. ત્યારબાદ ડ્રાઈવરને બહાર કાઢી લઈ તેના પર હુમલો કરી દીધો હતો, જેના કારણે તેનું નાક ભાંગી ગયું હતું, અને ફેક્ચર સહિતની ઈજા થઈ છે. આથી તેને લોહી નીતરતી હાલતમાં સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો. પોલીસે ૪ અજાણ્યા શખ્સો સામે હુમલા ની ફરિયાદ નોંધી તેઓની શોધખોળ હાથ ધરી છે.

# જામનગરમાં ગુજકેટની પરીક્ષા શાંતિપૂર્ણ સંપન્ન : એક વિદ્યાર્થી મોબાઇલ સાથે ઝડપાયો





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરમાં શિક્ષણ બોર્ડ દ્વારા ગઈકાલે ગુજકેટની પરીક્ષા લેવામા આવી હતી. જેના ત્રણ સેશનમાં લેવાયેલા પેપર શાંતિપૂર્ણ સંપન્ન થયા હતા. જો કે એક વિદ્યાર્થી મોબાઈલ ફોન સાથે મળી આવતા તેની સામે ગેરરિતીનો કેસ નોંધવામાં આવ્યો હતો. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગઈકાલ રવિવારે ગુજકેટની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં જામનગરમાં ૧૩ સ્થળો ઉપર આ પરીક્ષાનું આયોજન થયું હતું. સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન ફિઝિક્સ અને કેમેસ્ટ્રીનુ પેપર લેવામાં આવ્યું હતું જેમાં કુલ ૨૬૭૫ વિદ્યાર્થીમાંથી ૨૦૬૦૯ વિદ્યાર્થી હાજર અને ૬૬ વિદ્યાર્થી ગેર હાજર રહયા હતા. આ પછી બપોરે ૧ થી ૨ કલાક દરમિયાન બાયોલોજીનું પેપર લેવાયું હતું જેમાં ૧૬૫૨ માંથી ૧૬૧૫ વિદ્યાર્થી હાજર રહ્યા હતા. જ્યારે ૩૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. તેમજ બપોરે ૪ થી ૫ દરમ્યાન મેથ્સનું પેપર લેવાયું હતું જેમાં કુલ ૧૦૪૦ માંથી ૧૦૦૫ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. અને ૩૫ વિદ્યાર્થીઓ ગેર હાજર રહ્યા હતા. દરમિયાન ફિઝિક્સ - કેમેસ્ટ્રીના પેપરમાં એલ જી હરિયા સેન્ટરમાં ભોકલ સમીર અકબરભાઈ નામનો વિદ્યાર્થી મોબાઈલ સાથે મળી આવતા તેની સામે ગેરરીતીનો કેસ નોંધાયો હતો. આ સિવાય ત્રણેય પેપર ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે શાંતિપૂર્ણ રીતે લેવાયા હતા.

સૌરાષ્ટ્ર આજતક

# રાજકોટના કુવાડવા પાસે પરપ્રાંતિય યુવાનની લાશ મળી : હત્યાની આશંકા

## યુવાન બે દિવસ પહેલા વાડીએથી નીકળી ગયા બાદ મૃતદેહ મળ્યો : પોલીસ દોડી ગઈ



રાજકોટ,

રાજકોટ શહેરની ભાગોળે કુવાડવા ગામ નજીક હાઈ-વે પરથી પરપ્રાંતિય યુવાનની ઈજાગ્રસ્ત હાલતમાં લાશ મળી આવી હતી. બનાવની જાણ થતાં કુવાડવા પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતાં. યુવાનને માથાના ભાગે ગંભીર ઈજા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે હત્યાની શંકાના આધારે મૃતદેહને ફોરેન્સીક પીએમ અર્થે હોસ્પિટલે ખસેડી તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે. મૃતક યુવાન મઘરવાડા ગામની સીમમાં મિત્ર સાથે રહેતો હતો અને બે દિવસથી વાડીએથી નીકળી ગયા બાદ આજે સવારે મૃતદેહ મળી આવ્યો હતો.

જાણવા મળતી વિગત મુજબ, કુવાડવા ગામ નજીક હાઈ-વે પર માધવ હોટલ પાસે અજાણ્યા યુવાનનો ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ પડયો હોવાની જાણ થતાં સ્થાનિક લોકોએ કુવાડવા સરપંચને જાણ કરી હતી. જેથી સરપંચ દ્વારા પોલીસને જાણ કરવામાં આવતાં કુવાડવા પોલીસ મથકના પીઆઈ વી.આર.રાઠોડ, રાઈટર અરવિંદ મકવાણા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. મૃતકના માથાના ભાગે ઈજાના નિશાન હોય જેથી હત્યાની શંકા વ્યકત કરવામાં આવી હતી. બનાવને પગલે ડીસીપી, એસીપી સહિતનો સ્ટાફ પણ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને ફોરેન્સીક પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.પોલીસે મૃતકની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક મુળ એમ.પી.નો અને હાલ મઘરવાડા ગામની સીમમાં મિત્ર સાથે રહેતો પાકીયા ઉર્ફે વિનોદ પાડવીભાઈ ગોદરીયા (ઉ.૩૬) હોવાનું જાણવા મળ્યું હતું. મૃતક યુવાન પાંચભાઈમાં વચેટ હોવાનું અને તેને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. વધુ તપાસમાં મૃતક છેલ્લા એક વર્ષથી મઘરવાડા ગામની સીમમાં રહી ખેતીકામ અને સેન્ટ્રીંગ કામની મંજુરી કરતો હતો. તે વતનમાં ગયા બાદ એક મહિના પહેલા પરત આવ્યો હતો. દરમિયાન શનિવારે સવારે વાડીએથી નીકળી ગયો હતો. બાદમાં આજે સવારે તેની ઈજાગ્રસ્ત હાલતમાં લાશ મળી આવી હતી. પોલીસના જાણાવ્યા મુજબ ગત રાત્રે મૃતક યુવાનને માધવ હોટલ પાસે અન્ય લોકોએ જોયો હોય જેથી રાત્રિ દરમિયાન કોઈ માથાકુટ થતાં તેની હત્યા નિપજાવી હોવાની શંકા વ્યકત કરવામાં આવી છે. મૃતક યુવાનનો ભાઈ જામનગરમાં રહેતો હોય જેથી પોલીસે તેને જાણ કરતાં તે રાજકોટ આવવા રવાના થયો છે. આ અંગે કુવાડવા રોડ પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના મવડી ૧૫૦ રીંગ રોડ પર કારે એકસેસ હડફેટે લેતા કોલેજીયન વિદ્યાર્થીને ગંભીર ઈજા



રાજકોટ,

રાજકોટ શહેરના મવડી ૧૫૦ ફુટ રીંગ રોડ પર રાત્રીના સાડા અગિયારેક વાગ્યી એમએચ૦૧સીઆર-૮૫૬૨ નંબરની કારના ચાલકે એકસેસ ટુવ્હીલર જીજે૦૩એમજી-૦૪૧૩ને પાછળથી ટક્કર મારતાં આ વાહનનો ચાલક ગોવિંદનગર ૧-૪માં રહેતો ડેનીમ પંકજભાઈ હુમ્મસર (ઉ.વ.૨૨) રોડ પર ફેંકાઈ જતાં માથામાં અને પગમાં ગંભીર ઈજા થતાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિલમાં દાખલ કરવામાં આવ્યો૧ છે.

બનાવની જાણ થતાં માલવીયાનગરના હેડકોન્સ . અરૂણભાઈ ચાવડા સહિતે દોશી હોસ્પિટલ ખાતે પહોંચી ઘાયલ યુવાનની ફરિયાદ નોંધવા તજવીજ કરી હતી. જો કે હાલ ફરિયાદ દાખલ કરાવવામાં આવી હતી. પોલીસે કાર ચાલકની પૃછા કરી હતી. ડેનીમ માતા-પિતાનો એકનો એક પુત્ર છે અને મારવાડી કોલેજમાં સોફટવેર એન્જિનીયરીંગનો ડીગ્રી કોર્ષ કરે છે. સાથે સાથે મિત્રની ઓફિસમાં સોફટવેરને લગતી તાલીમ પણ મેળવે છે. રાતે ઓફિસેથી ઘર તરફ જતી વખતે આ બનાવ બન્યો હતો.

પિતા પંકજભાઈના જણાવ્યાફ મુજબ પગમાં ડેનીમને પગમાં ફ્રેકચર થયું છે અને માથામાં પણ ગંભીર ઈજા પહોંચી હતી.

# રાજકોટમાં જાહેરમાં એંઠવાડ ફેકનાર સીસીટીવીમાં કેદ : રૂા.૨૦૦૦નો દંડ

## અલગ અલગ વિસ્તારોમાં પાન માવા ફાકી ખાઈને પીચકારી મારતા છ શખ્સોને ઈ- ચલણ દંડ




રાજકોટ,

રાજકોટ મનપાના કમાન્ડ એન્ડ કંટ્રોલ વિભાગ દ્વારા ગંદકી કરતા તત્વોને સીસીટીવી કેમેરા દ્વારા ઝડપી દંડ કરવામાં આવી રહ્યો છે. જેમાં રૈયા સુએજ પ્લાન પાસે જાહેરમાં હેઠવાડ નાખતા એક શખ્સને પકડી પાડી રૂા. ૨૦૦૦નો દંડ કરવામાં આવ્યો હતો. તેમજ અલગ અલગ વિસ્તારોમાં પાનફાકી ખાઈને પીચકારી મારતા છ શખ્સોને ઝડપી દંડરૂપી ઈમેમો ફટકારવામાં આવ્યો હતો.

રાજકોટ શહેરમા સફાઈ અંગે જાગૃતિ આવે અને શહેરને પ્લાસ્ટીક મુકત કરવા, સફાઈ અંગેની ફરિયાદોનાં ઝડપી નિવારણ તેમજ લોકો માં સફાઈ અંગે જાગૃતિ આવે તે માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકોને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા, જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને સીસીટીવી કેમેરાના માધ્યમ દ્વારા ઝડપી લઈ દંડ વસુલાત ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત તા.૩૦-૦૩-૨૦૨૪ તથા તા.૩૧-૦૩-૨૦૨૪ના રોજ ૦૬ વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓ ને ઈ- ચલણ દ્વારા દંડ કરવામાં આવેલ છે. તેમજ રયા સીવેજ પ્લાન્ટ પાસે જાહેરમાં અઠવાડ નાખતા ઈસમોને રૂપિયા ૨૦૦૦/- દંડ કરવામાં આવેલ.

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૨૬૦૦ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ સફાઈ કામદારોની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવેલ છે, ઉપરોકત કામગિરી માનનિય મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલના આદેશ અને નાયબ કમિશનરશ્રીના સુપરવિઝન હેઠળ, કમાંડએન્ડ કંટ્રોલ સેન્ટરના નોડલ ઓફિસરશ્રી વત્સલ પટેલ તેમજ તાબા હેઠળનાં સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી..

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમીમાં આંશિક રાહત : મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો

## રાજયમાં અનેક સ્થળોએ ૩૬ થી ૩૮ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયું



રાજકોટ,

છેલ્લા બે થી ત્રણ દિવસ દરમ્યાન રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આકરી ગરમીમાં થોડી રાહત મળી છે. અને મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે.રાજયમાં અનેક સ્થળોએ ૩૬ થી ૩૮ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયું છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગઈકાલે રાજકોટમાં ૩૮.૧ તથા અમરેલીમાં ૩૮.૬ ડિગ્રી સાથે ગરમીમાં આંશિક રાહત રહી હતી.જયારે અમદાવાદમાં ૩૬.૮, વડોદરામાં ૩૭.૨, ભાવનગરમાં ૩૫.૨, ભુજમાં ૩૭.૨, દાહોદમાં ૩૬.૧, ડાંગમાં ૩૭.૬, ડિસામાં ૩૬ જયારે દિવમાં ૩૨.૨, ગાંધીનગરમાં ૩૬, કંડલામાં ૩૫.૭, પોરબંદરમાં ૩૩.૨, સુરેન્દ્રનગરમાં ૩૭.૮, તથા વેરાવળ ખાતે ૩૧.૨, ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

જયારે જામનગર શહેરના તાપમાનમાં સતત વધઘટ રહે છે જેના લીધે તાપમાનનો પારો ઉપર નીચે થતા વાતાવરણમાં રાત્રે ઠડી તો દિવસે ગરમી એમ એક જ દિવસમાં બે બે ઋતુનો અનુભવાય રહી છે. શહેરના મહતમ તાપમાનનો પારો છેલ્લા ૨૪ કલાકમાં ૨.૫ ડિગ્રી ઉચકાઈને૩૩.૫ ડિગ્રી પહોંચ્યો હતો.

તેજ રીતે લઘુતમ તાપમાનમાં ૩.૫ ડિગ્રીના વધારા સાથે ૨૩.૫ ડિગ્રી નોંધાયુ હતું.જ્યારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૩ ટકા રહ્યું હતું.તો પવનની ગતિ પ્રતિકલાક ૮.૭ કિમિ નોંધાઈ હતી.

# રાજકોટ આરટીઓ પાસે 'કટીંગ' વખતે પોલીસનો દરોડો: ૩.૩૩ લાખના દારૂ-બીયર સાથે બે પકડાયા



રાજકોટ,

રાજકોટ શહેરમાં દારૂ જૂગારની બદ્દી હટાવવા કામગીરી કરવાની સુચના અંતર્ગત બી-ડિવીઝન પોલીસે આરટીઓ પાસે હુડકો ક્વાર્ટરમાં 'કટીંગ' વખતે જ બી ડિવિઝન પોલીસનો દરોડો રૂપિયા ૩.૩ લાખના દારૂ બિયર સાથે બે શખ્સને પકડી લીધા હતાં. જ્યારે સુત્રધાર નવાગામ રંગીલા સોસાયટીનો શખ્સ્ ભાગી ગયો હોઈ તેની શોધખોળ થઈ રહી છે.

બી-ડિવીઝન ડી. સ્ટાફની ટીમ પોલીસ સ્ટેયશન વિસ્તામરમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. રાજેશભાઈ બાળા, કોન્સ. ભાનુશંકર ધાંધલા તથા રાજદિપભાઈ પટગીરને મળેલી બાતમી પરથી આરટીઓ પાસે હુડકો ક્વાાર્ટરમાં દરોડો પાડી તુષાર ઉર્ફે ભુરો હોતચંદ સાવલાણી (ઉ.વ.૩૨ રહે. આરટીઓ ઓફીસની બાજુમાં હુડકો ક્વાર્ટર નં એમ-૧/૨ રાજકોટ) તથા ધવલ દિનેશભાઈ સાકરીયા (ઉ.વ.૨૦ રહે-ગોંડલ ભગવતપરા હરભોલે સોસાયટી શેરી નં.-૦૪ તા.ગોંડલ)ને રૂપિયા ૩,૦૩,૩૦૦ના ૬૫૭ બોટલ દારૂ અને ૫૦૪ નંગ બિયરના ટીન સાથે પકડી જીજે૦૧કેએ-૭૧૪૬ નંબરની કાર તથા જીજે૦૩એમડી-૨૯૨૧નું એક્સેટસ કરાયું હતું. દરોડો પડતાં નવાગામ રંગીલામાં રહેતા વિનય ઉર્ફે ભુરો મનસુખભાઈ ડાભી દરોડો પડતાં ભાગી ગયો હતો. આ કામગીરી પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી તથા ડીસીપી ઝોન-૧ સજજનસિંહ પરમાર તથા ટીમે કરી હતી. નવાગામનો વિનય ઉર્ફ ભુરો હાથમાં આવ્યા. બાદ વધુ વિગતો ખુલશે.

# રાજકોટના યુનિવર્સિટી રોડ ઉપર આવેલા ગાયત્રી પાર્કમાં યુવતીનો આપઘાત

## ભાઈના વિરહમાં આપઘાત કરી લીધાનું પ્રાથમિક તારણ

રાજકોટ,

રાજકોટ શહેરમાં યુનિવર્સિટી રોડ ઉપર આવેલા ગાયત્રી પાર્કમાં રહેતી પરિણીતાએ નાના ભાઈના વિરહમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો પરિણીતાના મોતથી માસુમ પુત્રએ માતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કરુણ કલ્પાંત સર્જાયો છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ યુનિવર્સિટી રોડ ઉપર આવેલા ગાયત્રી પાર્કમાં રહેતી જલ્પાબેન મેહુલભાઈ સાવલિયા નામની ૩૪ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટના અંગે જાણ થતા યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી પરિણીતાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક જલ્પાબેન લોધીકા માવતર ધરાવે છે અને જલ્પાબેન સાવલિયાને સંતાનમાં એક પુત્ર છે કોરોના કાળ સમયે નાના ભાઈનું અવસાન થયું હતું જેના વિયોગમાં જલ્પાબેન સાવલિયાએ ગળેફાંસો ખાઈ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ મથકના એએસઆઈ યશવંતભાઈ ભગત અને જયશ્રીબેન ડાંગર સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ ડો.યાજ્ઞિક રોડ પર નશો કરલી હાલતમાં યુવતીઓએ ધમાલ મચાવી

## શોપ પર કલાકો સુધી બબાલ : પોલીસે દોડી : બંન્ને વિરુદ્ધ ગુનો નોંધ્યો




રાજકોટ,

રાજકોટના ડો.યાજ્ઞિક રોડ પર બની હતી. જેમાં નશામાં ભાન ભૂલેલી બે યુવતીઓ દ્વારા છાસવાલાની શોપ પર કલાકો સુધી બબાલ મચાવી હતી. ત્યાં લોકોના ટોળા એકઠા થઈ જતાં કલાકો સુધી ટ્રાફિકજામ થઈ ગયો હતો.બાદમાં પોલીસે યુવતીઓની અટકાયત કરી ગુન્હો નોંધ્યો હતો.આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ,શનિવારે રાત્રે નશામાં ધૂત બે મહિલાઓ યાજ્ઞિક રોડ પર આવેલી છાસવાલાની દુકાનમાં આ આવી હતી.જ્યાં મોટે-મોટેથી બૂમો પાડતા લોકો એકઠા થઈ ગયા હતા.યુવતીઓ નશામાં હોવાથી સરખી રીતે ઉભી પણ રહી શકતી નહતી. બન્ને યુવતીઓ લોકોને ગાળો ભાંડતી હતી. જ્યારે એક યુવતી છાસવાલાની દુકાન આગળ જઈને દુકાનદારને બહાર બોલાવવા માટે બૂમો પાડતી હતી.આ દરમિયાન યુવતીએ દુકાનના કાઉન્ટર પર રહેલ કોમ્પ્યુટરના મોનિટરને પણ ખેંચી લીધુ હતી.

આ દરમિયાન જે બાદ બનાવની જાણ થતા પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો.પ્ર.નગર પોલીસે ફનવર્ડ પાસેથી આ બંને યુવતી નિતલ ઉર્ફે નિકિતા પ્રેમજીભાઈ સાગઠિયા (રહે.નહેરુનગર શેરી.૩, નાનામવા રોડ) અને હનુમાનમઢી પાસે રહેતી ઝારા થગખાનપાઉ વિગલને પકડી તેમના વિરુદ્ધ પ્રોહી એકટ હેઠળ ગુન્હો નોંધી પકડી લેવામાં આવી હતી.

# રાજકોટના નવાગામના યુવાનનો જિંદગીથી કંટાળી આપઘાતનો પ્રયાસ



રાજકોટ,

રાજકોટ શહેરના કુવાડવા પાસે આવેલા નવાગામમાં ન્યારા પેટ્રોલ પંપની સામે પોતાના ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં જ યુવાને ઝેરી દવા પી જઈ આપઘાતનો પ્રયાસ કરતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પીટલે ખસેડાયો છે. આ બનાવની જાણ થતા કુવાડવા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસા નવાગામમાં રહેતા અને ન્યારા પેટ્રોલ પંપની સામે ડીપીએ ગોડાઉન ધરાવતા લાલો ઉર્ફે આનનદ સુલતાન પલારીયા (ખોજા) (ઉ.વ.૨૧)એ ગોડાઉનમાં જ કોઈ ઝેરી દવા પી જતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યો છે. આનંદ બે ભાઈમાં મોટો છે. પોતે ટ્રાન્સપોર્ટનું ગોડાઉન ધરાવે છે. પોતે જીંદગીથી કંટાળી જતા આ પગલું ભરી લીધું હતું. જો કે ત્યાં માણસોએ જોઈ જતા તેમને સારવાર અર્થે સિવિલમાં ખસેડાયો હતો. આ બનાવ અંગે કુવાડવા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# રાજકોટમાં ક્ષત્રિય સમાજના રોષ સામે પોલીસે ત્રણ યુવાનને જામીન પર છોડયા: બે આકરી કલમો પણ હટાવી

## શનિવારે રેલનગરમાં પુરૂષોત્તમ રૂપાલાનું પુતળુ બાળતાં આકરી કલમો હેઠળ ગુનો નોંધાયો હતો

રાજકોટ,

રાજકોટ શહેરમાં શનિવારે સાંજે રેલનગર વિસ્તાળરમાં પાણીના ટાંકા પાસે ક્ષત્રિય સમાજ દ્વારો રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાના પૂતળાનું દહન કરવામાં આવતાં આ અંગે પ્ર.નગર પોલીસે મોડી રાતે આકરી કલમો હેઠળ ગુનો નોંધી ત્રણ આગેવાનની અટકાયત કરી લેતાં રવિવારે પ્ર.નગર પોલીસ સ્ટેશન ખાતે મોટી સંખ્યાધમાં ક્ષત્રિય સમાજ, કરણી સમાજના આગેવાનો, કાર્યકરો અને સમાજના લોકો એકઠા થઈ જતાં અને પુતળુ બાળવા મામલે આવી આકરી કમલો હેઠળ શા માટે કાર્યવાહી થઈ? તે સહિતના મુદ્દે પોલીસ સમક્ષ ઉગ્ર રજૂઆતો કરતાં ઉચ્ચઆ પોલીસ અધિકારીઓ અને બીજા પોલીસ સ્ટેશનના સ્ટોફને બંદોબસ્ત માટે બોલાવાયો હતો. બાદમાં પોલીસ કમિશનર સમક્ષ રજૂઆતો થતાં અંતે પોલીસે નોંધાયેલા ગુનામાંથી બે કલમો કાઢી નાખી આરોપીઓને જામીન આપતાં મામલો થાળે પડયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ શનિવારે સાંજે રેલનગર પાણીના ટાંકા પાસે પુરૂષોત્તમ રૂપાલાના પૂતળાનું દહન કરાયું હતું. આ બનાવમાં પ્ર.નગર પોલીસે સ્થળ પરથી નરેન્દ્રસિંહ લાખુભા જાડેજા, મહેન્દ્ર સિંહ ઉર્ફે મેંદુભા ભીમદેવસિંહ પરમાર અને નવલસિંહ અજીતસિંહ જાડેજા સહિત ત્રણ ક્ષત્રિય યુવાનોની અટકાયત કરી હતી. આ બનાવમાં પોલીસ કર્મચારી તુલસીભાઈ જાદવભાઈ ચુડાસમાની ફરિયાદ પરથી અટકાયત કરાયેલા ત્રણેય ઉપરાંત અન્ય અજાણ્યા માણસો તથા તપાસમા ખુલે તેની સામે પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એક્ટ, કલમ-૪ તથા ઈ.પી.કો કલમ ૪૩૫,૧૪૩,૧૪૯,૧૮૮ અને ૧૨૦(બી) મુજબ આરોપીઓએ ભેગા મળી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા પુર્વ યોજીત કાવતરૂ રચી ગેરકાયદેસર મંડળી રચી જાહેર રોડ ઉપર અગાઉથી તૈયાર કરેલ પુતળુ સળગાવી આગથી જાહેર રોડ જેવી સરકારી સંપતી એવા રોડ નુકશાન કરી કોઈ મંજુરી વગર ભેગા મળીને સુત્રોચાર કરી રાજકોટ શહેરના પોલીસ કમીશનર, જીલ્લા મેજીસ્ટ્રે ટના જાહેરનામા તથા લોકસભાની ચુંટણીના જાહેરનામાનો ભંગ કરવાનો ગુનો નોંધી ત્રણની અટકાયત કરવા તજવીજ કરી હતી. પીઆઈ બી.એમ.ઝણકાત, પીએસઆઈ બી.વી. ચુડાસમા, એએસઆઈ સી.એમ. ચાવડા સહિતની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટની હત્યાની કોશિષના ગુનામાં ફરાર આરોપી પકડાયો



રાજકોટ,

રાજકોટની હત્યાની કોશિષના ગુનામાં પાંચ મહિનાથી ફરાર જામનગર રોડ સંજય નગર-૨માં રહતાં ફિરોઝ ઉર્ફ આદિલ હનીફભાઈ સોઢા (ઉ.વ.૩૭)ને બી-ડિવીઝન પોલીસે ભાવનગરના મહુવા ખાતેથી દબોચી લીધો છે.

પાંચ મહિના પહેલા આ શખ્સ વિરૂધ્ધા આઈપીસી ૩૦૭, ૩૨૫ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાતા તે ફરાર થઈ ગયો હતો. આ શખ્સધ હાલમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે તેવી સચોટ માહિતી મળતાં ભાવનગર એલસીબીની મદદથી તેને પકડી લેવાયો હતો. આ શખ્સ વિરૂધ્ધત અગાઉ બી-ડિવીઝન, ગાંધીગ્રામ, પ્ર.નગર પોલીસમાં દારૂ, હત્યાૂના બે, બોગસ દસ્તાાવેજો ઉભા કરવાના ત્રણ ગુના સહિત ૭ ગુનામાં સંડોવાઈ ચુક્યોર છે.